For Community Only

# નમસ્કાર ગુજરાત



## ||પ્રભુ શ્રીરામ સર્વોપરી, પ્રભુ શ્રીરામ અનંત||

**58** દિવસમાં જ 1 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચ્યા...

દિવ્ય અને ભવ્ય મંદિર જોઈને ભક્તો ભાવવિભોર

વેટિકન અને મક્કામાં એક વર્ષમાં 2.25 કરોડ આવ્યા

# દુનિયાની ધાર્મિક રાજધાની બની...

# 'અયોધ્યા'

*સ્પેશિયલ રિપોર્ટ:* અયોધ્યા દુનિયાની ધાર્મિક રાજધાની બની ગઈ છે. રામ મંદિર ટ્રસ્ટના જણાવ્યા પ્રમાણે 22 જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પછી 13 એપ્રિલ સુધી અહીં 1 કરોડથી વધારે લોકો પહોંચ્યા છે. એટલે લગભગ 2 લાખ લોકો અહીં રોજ દર્શન કરી રહ્યા છે. દુનિયામાં આટલી મોટી સંખ્યામાં લોકો કોઈપણ ધર્મના ધર્મસ્થળ પર પહોંચી રહ્યા નથી. ઈસાઈઓના સૌથી મોટા ધાર્મિક સ્થળ વેટિકન સિટીમાં વાર્ષિક લગભગ 90 લાખ લોકો આવે છે. જ્યારે મુસ્લિમોના પવિત્ર સ્થળ મક્કામાં ગયા વર્ષે 1.35 કરોડ લોકો પહોંચ્યા.

## UP-ઉત્તરાખંડના 9 ધાર્મિક સ્થળ...

યૂપીમાં 4 ધાર્મિક કેન્દ્રો પર દર વર્ષે 20 કરોડ લોકો આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં અયોધ્યા સિવાય કાશી-મથુરા અને પ્રયાગરાજ મુખ્ય ધાર્મિક સ્થળ છે. અહીં દર વર્ષે લગભગ 20 કરોડથી વધારે લોકો પહોંચી રહ્યા છે. પાડોસી રાજ્ય ઉત્તરાખંડમાં હરિદ્વાર, કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમુનોત્રી મુખ્ય ધાર્મિક સ્થળ છે. અહીં દર વર્ષે લગભગ 6 કરોડ લોકો આવી રહ્યા છે... (વાંચો અંદરના પાને)

## દુનિયાના 3 મોટા ધાર્મિક સ્થળ



### 1) વેટિકન સિટી, રોમ

કુલ ક્ષેત્રફળ: **44 હેક્ટર**
ઈસ્ટર પર **45,000 લોકોની મેદની**
ક્રિસમસ સમયે **દૈનિક 15-20,000 લોકો**
આખા વર્ષમાં **90 લાખ લોકો**



### 2) મક્કા, સઉદી અરેબિયા

કુલ ક્ષેત્રફળ: **1200 સ્ક્વેર કિલોમીટર**
2023માં હજ કરવા **40 લાખ લોકો આવ્યા**
રમજાનમાં **30 લાખ લોકોએ ઉમરા કર્યા**
આ વર્ષે આંકડો **1 કરોડ સુધી પહોંચશે**



### 3) અયોધ્યા, ઉ. પ્રદેશ, ભારત

કુલ ક્ષેત્રફળ: **2522 સ્ક્વેર કિલોમીટર**
ભૂમિપૂજન પહેલાં **5000 ભક્તોના દર્શન**
22 જાન્યુ. પછી **રોજ 2 લાખથી વધુ ભક્તો**
અત્યાર સુધી **1 કરોડથી વધુ ભક્તોના દર્શન**




Gadgets ગુરૂ
Samsung Galaxy M55 સ્માર્ટફોન 26,999 ની... 4

કોંગ્રેસના પૂર્વ નેતા રોહન ગુપ્તાના કેસરિયા... 7



તબુ, કરીના, કૃતિની ક્રૂ ફિલ્મની સિક્વલ આવશે, ફિલ્મ સર્જક રિયા કપૂરે સમર્થન આપ્યું... 10

**USA Edition** | Year 3 | Issue 32 | Saturday 13 April 2024 | Page 12
Editor-in-chief Hiren Vyas | Executive Editor Nirav Govani | Published by news online inc. (Weekly)
read epaper... newsonlinelive.tv

# ||પ્રભુ શ્રીરામ સર્વોપરી, પ્રભુ શ્રીરામ અનંત||

**1) અયોધ્યા** 22 જાન્યુઆરીના રોજ ભગવાન રામની પ્રાણપ્રતિષ્ઠા થઈ. ત્યારથી 48 દિવસ (22 જાન્યુઆરીથી 10 માર્ચ સુધી)માં અહીં 1 કરોડ લોકો દર્શન કરી ચૂક્યા છે. યૂપી ટૂરિઝમ વિભાગના જણાવ્યા પ્રમાણે આ વર્ષે લગભગ 8 કરોડથી વધારે શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચી શકે છે. ધાર્મિક સ્થળ પર બિઝનેસ મોનિટરિંગ કરનારી એજન્સી હ્યુમન કેપિટલ સાસ પ્લેટફોર્મ બેટરપ્લેસના જણાવ્યા પ્રમાણે આગામી 4-5 વર્ષોમાં અહીં દોઢથી 2 લાખ લોકોને રોજગાર મળવાની શક્યતા છે. અયોધ્યામાં મંદિર નિર્માણ સાથે અહીં જમીનની કિંમત 10 ગણી વધી ગઈ છે. લગભગ 700 લોકોએ પોતાના ઘરને હોમ સ્ટેમાં બદલી દીધા છે. છેલ્લાં 2 વર્ષમાં લગભગ 100 હોટલ બનીને તૈયાર છે. 50 થી વધારે હોટલનું કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું છે. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેટ)એ આંકલન કર્યું હતું કે મંદિર નિર્માણથી અહીં વેપારનો આંકડો 1 લાખ કરોડ રૂપિયા પહોંચી શકે છે. પ્રાણપ્રતિષ્ઠા પહેલાં 50 હજાર કરોડનું અનુમાન હતું.

**નવ્ય અયોધ્યા અને એરપોર્ટની બીજા કે ત્રીજા ફેઝનું કામ પણ શરૂ** યૂપી સરકારે 2047 સુધી નવ્ય અયોધ્યા બનવાનો ટાર્ગેટ રાખ્યો છે. 1400 એકરમાં રામાયણની થીમ પર ગ્રીન ફિલ્ડ ટાઉનશિપ ડેવલપ કરવાનો પ્લાન બનાવ્યો છે. સાથે જ 2025 સુધી અયોધ્યા એરપોર્ટનું બીજા અને ત્રીજા ફેઝનું કામ પૂરું થઈ જશે. ત્યારે અહીં બોઈંગ પ્લેન પણ લેન્ડ થઈ શકશે.11 હજાર સ્ક્વેર મીટરમાં રેલવે સ્ટેશનનો વિકાસ થઈ રહ્યો છે. ત્રણ માળાના ટર્મિનલ બિલ્ડિંગ બની રહી છે. પહેલાં ફેઝનું કામ પૂરું થઈ ગયું છે. 19 જાન્યુઆરીથી રોજ 10 ટ્રેન શ્રદ્ધાળુઓને લઈને અહીં આવી રહી છે. 100 દિવસ અહીં 1 હજાર ટ્રેન ચાલશે. તેમાં 2 અમૃત ભારત ટ્રેન અને 2 વંદે ભારત પણ છે. આ સિવાય અહીં 3,935 કરોડના બજેટથી રિંગ રોડ અને મલ્ટી લેવલ પાર્કિંગ તૈયાર થઈ રહી છે.

**2. કાશી (વારાણસી)** 8 માર્ચ 2019એ પીએમ નરેન્દ્ર મોદીએ વિશ્વનાથ કોરિડોર બનાવવાની શરૂઆત કરી. 900 કરોડના બજેટથી કાશી વિશ્વનાથને બદલવાનો ટાર્ગેટ હતો. કોરિડોર 5 લાખ સ્ક્વેર ફૂટમાં બનાવવામાં આવ્યો. તેના હેઠળ 23 ઈમારત અને 25 મંદિરની કાયા બદલાઈ. 13 ડિસેમ્બર 2021ના રોજ પીએમે તેનું ઉદઘાટન કર્યું. કોરિડોર પહેલાં અહીં દર વર્ષે લગભગ 1 કરોડ લોકો આવતા હતા. 13 ડિસેમ્બર 2023ના રોજ મંદિર પ્રશાસને જાહેર કરેલાં આંકડા પ્રમાણે છેલ્લાં 2 વર્ષમાં અહીં 13 કરોડ શ્રદ્ધાળુઓ આવી ગયા છે. એટલે કે કોરિડોર બન્યા પછી અહીં શ્રદ્ધાળુઓની સંખ્યા 7 ગણી વધી ગઈ છે.

**કેન્દ્રથી કાશીને 60 હજાર કરોડ મળ્યા:** પીએમ મોદી અહીંના સાંસદ છે. 10 વર્ષમાં તેઓ અહીં 43 વખત આવી ગયા છે. કાશીના વિકાસ માટે કેન્દ્રથી 60 હજાર કરોડના પ્રોજેક્ટ મળ્યા છે. ત્રણેય રાજ્યોને જોડનાર રિંગ રોડ બનાવવામાં આવ્યો. તેના માટે 759 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા. આ સિવાય બે વંદે ભારત ટ્રેન દિલ્હી-કાશી વચ્ચે શરૂ થઈ. આ ટ્રેન પ્રયાગરાજ-કાશીને પણ જોડતી છે. હવે કાશી-અયોધ્યાને સીધા જોડવાની તૈયારી છે.

**3. મથુરા** મથુરા-વૃંદાવન પણ અયોધ્યા-કાશીથી પાછળ નથી. અહીં વર્ષભરમાં લગભગ 6 કરોડ લોકો આવી રહ્યા છે. ટૂરિઝમ વિભાગના જણાવ્યા પ્રમાણે 2022માં અહીં લગભગ 6.52 કરોડ લોકો આવ્યા. માત્ર જન્માષ્ટમી પર 20 લાખ લોકો પહોંચ્યા. આ સંખ્યા હજુ વધી શકે છ, કેમ કે વૃંદાવનમાં સરકાર કોરિડોર બનાવવાનો નિર્ણય કરી ચૂકી છે. તેના માટે 505 કરોડ રૂપિયાનું બજેટ પણ પાસ થઈ ગયું છે.

**મથુરાના 20 ઘાટનું થશે બ્યુટિફિકેશન:** આ વર્ષે યુપી સરકારે મથુરાના વિકાસ માટે 120 કરોડ રૂપિયાનું બજેટ આપ્યું હતું. આ પૈસાથી યમુનાના 20 ઘાટને સુંદર બનાવવામાં આવશે. વેલકમ ગેટ, ઈકો ટુરિઝમ, વાસુદેવ વાટિકા, નવા ટીએફસીનું નિર્માણ અને પ્રાચીન સ્થળોના સંરક્ષણનું કામ થવાનું છે.

**4. પ્રયાગરાજ** પ્રયાગરાજમાં આ વર્ષે યોજાયેલા માઘ મેળામાં લગભગ 6 કરોડ ભક્તો પહોંચ્યા હતા. આ જિલ્લા વહીવટી તંત્રનો ડેટા છે. 2019ના અર્ધ કુંભમાં લગભગ 24 કરોડ લોકો આવ્યા હતા. 2025માં અહીં મહાકુંભનું આયોજન થવાનું છે, તેના માટે સરકારે 2600 કરોડ રૂપિયાનું બજેટ પ્રસ્તાવિત કર્યું છે. વહીવટીતંત્રને આશા છે કે આ મેળામાં 40 કરોડ લોકો આવી શકે છે.

**ઉત્તરાખંડના 5 ધાર્મિક સ્થળ:** ઉત્તરાખંડમાં હરિદ્વાર અને ચારધામ મુખ્ય ધાર્મિક સ્થળો છે. હરિદ્વારમાં 2023ના શ્રાવણ મહિનામાં લગભગ 4 કરોડ કાવડિયા આવ્યા હતા. જ્યારે 22 એપ્રિલથી 18 નવેમ્બર 2023 સુધી અહીં ચારધામ યાત્રા ચાલી હતી. જેમાં કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમુનોત્રી માટે લગભગ 75 લાખ શ્રદ્ધાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. ઉત્તરાખંડ સરકારના જણાવ્યા અનુસાર 56 લાખ 13 હજાર 635 લોકોએ ચારધામની મુલાકાત લીધી હતી. સૌથી વધુ 19 લાખ 61 હજાર લોકો કેદારનાથ ધામ પહોંચ્યા હતા. ગત વર્ષે ચારધામ યાત્રામાં 46 લાખ 29 હજાર ભક્તો આવ્યા હતા.

**ઉત્તરાખંડના બજેટમાં 15% પ્રવાસનનો હિસ્સો:** ઉત્તરાખંડનું કુલ બજેટ લગભગ સાડા ત્રણ લાખ કરોડ રૂપિયા છે. આમાં પ્રવાસનનો ફાળો લગભગ 15% છે. રાજ્યમાં દર વર્ષે 6 કરોડ લોકો આવી રહ્યા છે. ગયા મહિને સરકારે હરિદ્વારના વિકાસ માટે 89 કરોડ રૂપિયાનું બજેટ આપ્યું હતું. કેદારનાથ ધામનો વિકાસ પીએમ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. તેને ત્રણ તબક્કામાં વિકસાવવામાં આવનાર છે. આ માટે લગભગ 500 કરોડ રૂપિયાનું બજેટ આપવામાં આવ્યું છે.

**2025 સુધીમાં લગભગ 68 કરોડ લોકો યુપી-ઉત્તરાખંડ આવશે:** અંદાજ છે કે 2025માં લગભગ 68 કરોડ શ્રદ્ધાળુઓ યુપી-ઉત્તરાખંડ આવશે. પ્રયાગરાજ કુંભમાં લગભગ 40 કરોડ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. છેલ્લા બે વર્ષની જેમ કાશીમાં 7 કરોડ, મથુરામાં 7 કરોડ અને અયોધ્યામાં 8 કરોડ લોકો આવવાની ધારણા છે. ઉત્તરાખંડમાં કાવડિયાઓ સહિત કુલ 6 કરોડ લોકો આવવાની ધારણા છે. કુલમાં ઉમેરવામાં આવે તો આ સંખ્યા 68 કરોડ થઈ જાય છે.






ન્યૂયોર્કઃ મેક્સિકો, અમેરિકા અને કેનેડાના થોડા ભાગમાં સોમવારે દુર્લભ પૂર્ણ સૂર્યગ્રહણ જોવા મળ્યું. આ દરમિયાન લાખોની સંખ્યામાં લોકોએ આ અદભુત નજારો જોયો. એટલું જ નહીં અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાએ પોતાની ઓફિશિયલ યુટ્યૂબ ચેનલ પર સૂર્યગ્રહણનું લાઈવ સ્ટ્રીમિંગ કર્યું. સાથે જ અંતરિક્ષથી સૂર્યગ્રહણ કેવું દેખાય છે, ન્યૂયોર્ક રાજ્યના પશ્ચિમી અને ઉત્તરી ક્ષેત્રોમાં પૂર્ણ ગ્રહણ જોવા મળ્યું છે.

## સૂર્યગ્રહણ 4 મિનિટ 28 સેકન્ડ સુધી રહ્યું

મેક્સિકોના દરિયા કિનારે આવેલા શહેર માઝાટલાન ઉત્તરી અમેરિકાનું પહેલું સ્થાન બન્યું, જ્યાં સૂર્યગ્રહણ જોવા મળ્યું. આનો સીધો અર્થ એ થાય છે કે, આ સૂર્યગ્રહણે 15 યુએસ રાજ્યો અને 44 મિલિયન લોકોના ઘર આવરી લીધાં હતાં. દરિયાકાંઠાના હજારો લોકો એકઠા થયા હતા. લોકોએ ડેક ખુરશી પર બેસીને ચશ્માં પહેરીને આ નજારો માણ્યો હતો. સૂર્યગ્રહણનો સમયગાળો 4 મિનિટ અને 28 સેકેન્ડનો હતો.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઇડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex,
Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi,
Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### ભારત સહિત 91 દેશોને એપલે વૉર્નિંગ મેઈલ મોકલ્યા

# આઈફોન પર પેગાસસ સ્પાયવેર જેવા હુમલાની ચેતવણી, રિપોર્ટમાં ખુલાસો

## ગયા વર્ષે ઓક્ટોબરમાં પણ થ્રેટ નોટિફિકેશન મોકલ્યા હતા

■ નવી દિલ્હી

એપલે iPhone પર પેગાસસ જેવા સ્પાયવેર એટેકનો ખતરો વ્યક્ત કર્યો છે. ગુરુવારે ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, 'મર્સનરી સ્પાયવેર' દ્વારા આઈફોન યુઝર્સને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આના દ્વારા આઈફોન એક્સેસ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે એપલે ભારત સહિત 91 દેશોમાં તેના વપરાશકર્તાઓને ચેતવણી મેલ મોકલ્યો છે, જેઓ 'મર્સનરી સ્પાયવેર' હુમલાના સંભવિત શિકાર બની શકે છે. આ સ્પાયવેર ઈઝરાયેલના NSO ગ્રુપના પેગાસસ જેવું છે. આવા હુમલા સામાન્ય સાયબર ગુનાઓથી અલગ હોય છે, જેનો હેતુ ઉપકરણની અનધિકૃત ઍક્સેસ મેળવવાનો છે. 'મર્સનરી સ્પાયવેર' હુમલાખોરો અમુક ચોક્કસ લોકો અને તેમના ઉપકરણોને લક્ષ્ય બનાવવા માટે બહુ વધારે સંસાધનોનો ઉપયોગ કરે છે. આ સ્પાયવેર હુમલામાં લાખો ડોલરનો ખર્ચ થાય છે. તેઓ શોધવા અને રોકવા માટે ખૂબ જ મુશ્કેલ છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં એપલે ભારત સહિત ઘણા દેશોમાં 'સ્ટેટ સ્પોન્સર્ડ' હુમલાની સૂચના મોકલી હતી. ભારતમાં તે ધમકી સૂચના TMC નેતા મહુઆ મોઈત્રા, કોંગ્રેસના નેતા શશિ થરૂર અને કેટલાક પત્રકારો સહિત વિરોધ પક્ષોના ઘણા નેતાઓને મોકલવામાં આવી હતી. એપલે ધમકીની સૂચનામાં લખ્યું- એપલ માને છે કે રાજ્ય પ્રાયોજિત હુમલાખોરો તમને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમારા Apple ID સાથે જોડાયેલા iPhoneને રિમોટલી હેક કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



### સુરક્ષા માટે ત્રણ પગલાં અનુસરો...

■ તમારા ઉપકરણોને નવીનતમ સૉફ્ટવેર પર અપડેટ કરો, કારણ કે તેમાં નવીનતમ સુરક્ષા સુધારાઓ શામેલ છે.

■ પાસકોડ વડે ઉપકરણોને સુરક્ષિત કરો. તમારા Apple ID માટે દ્વિ-પરિબળ પ્રમાણીકરણ અને મજબૂત પાસવર્ડનો ઉપયોગ કરો.

■ ફક્ત એપ સ્ટોરમાંથી જ એપ્સ ઈન્સ્ટોલ કરો. અજાણ્યા પ્રેષકોની લિંક્સ અથવા જોડાણો પર ક્લિક કરશો નહીં. મજબૂત અને અનન્ય પાસવર્ડનો ઉપયોગ કરો.

### કેટલાક ભારતીય યુઝર્સને એપલે ચેતવણીનો મેલ મોકલ્યો

■ ધ ઈન્ડિયન એક્સપ્રેસ અનુસાર એપલે 11 એપ્રિલે ભારતીય સમય અનુસાર રાત્રે 12:30 વાગ્યે કેટલાક ભારતીય વપરાશકર્તાઓને ચેતવણીનો મેલ મોકલ્યો છે. મેલમાં લખ્યું છે કે, 'Apple એ શોધી કાઢ્યું છે કે તમે 'મર્સનરી સ્પાયવેર' હુમલાનો શિકાર છો, જે તમારા Apple ID -xxx- સાથે સંકળાયેલ iPhoneને રિમોટલી હેક કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.' કૃપા કરીને તેને ગંભીરતાથી લો.

■ ઈકોનોમિક ટાઈમ્સે દાવો કર્યો છે કે તેણે એપલ દ્વારા જારી કરાયેલી ધમકીની સૂચના જોઈ છે, જે પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે. ધમકી સૂચનામાં આ સ્પાયવેર હુમલાને નિયમિત ઉપભોક્તા માલવેર કરતાં વધુ દુર્લભ અને સંગઠિત તરીકે વર્ણવવામાં આવ્યું છે.

■ નોટિફિકેશમાં જણાવ્યું હતું કે "મર્સનરી સ્પાયવેર હુમલાઓ સામાન્ય રીતે વપરાશકર્તાઓના ચોક્કસ Apple IDનો ઉપયોગ કરીને લક્ષ્યાંકિત કરવામાં આવે છે, જે સૂચવે છે કે હુમલો વ્યક્તિની ઓળખ અથવા પ્રવૃત્તિ પર આધારિત છે."

■ તમારા ઉપકરણમાં ઘૂસણખોરી કરે છેઃ જ્યારે તમે અસુરક્ષિત વેબસાઈટની મુલાકાત લો છો, અજાણતાં અસુરક્ષિત એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો છો અથવા ફાઈલ જોડાણ પણ ખોલો છો ત્યારે આવું થઈ શકે છે.

■ તમારો ડેટા કેપ્ચર કરે છેઃ એકવાર તમારા ઉપકરણ પર સ્પાયવેર આવી જાય, તે ડેટા એકત્રિત કરવાનું શરૂ કરે છે.

# દીપક મેહરોત્રા આકાશ એજ્યુકેશનના નવા MD અને CEO

## આકાશ એજ્યુકેશન એ બાયજુની જ કંપની છે

■ નવી દિલ્હી

એડટેક સ્ટાર્ટઅપ બાયજુની પોતાની કંપની આકાશ એજ્યુકેશન સર્વિસિસ લિમિટેડે દીપક મેહરોત્રાને નવા મેનેજિંગ ડિરેક્ટર (MD) અને મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) તરીકે નિયુક્ત કર્યા છે. કંપનીએ સોમવારે આ જાણકારી આપી. ગયા વર્ષે સપ્ટેમ્બર 2023માં અભિષેક મહેશ્વરીના રાજીનામા બાદ આ પદ ખાલી હતું. કંપનીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે, તે જ સમયે બાયજુના સ્થાપક અને અધ્યક્ષ બાયજુ રવિન્દ્રને કહ્યું, 'પિયર્સન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે તેમની વ્યાવસાયિક કુશળતા અને સારો ટ્રેક રેકોર્ડ આકાશ બાયજૂને વૃદ્ધિ અને પ્રભાવના આગલા તબક્કામાં લઈ જવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે.'દીપક મેહરોત્રાને FMCG, ટેલિકોમ્યુનિકેશન અને એજ્યુકેશન સહિતના ક્ષેત્રોમાં એક્ઝિક્યુટિવ ભૂમિકાઓમાં 35 વર્ષથી વધુનો અનુભવ છે.



Aakash + BYJU'S

## NEWS FILE

### વિશ્વની ત્રીજી સૌથી મોટી એરલાઈન બની ઈન્ડિગો




નવી દિલ્હીઃ ભારતની ઈન્ડિગો એરલાઈન માર્કેટ કેપ મુજબ વિશ્વની ત્રીજી સૌથી મોટી એવિએશન કંપની બની ગઈ છે. આ કંપનીનું માર્કેટ કેપ 17.6 બિલિયન ડૉલર (લગભગ 1.47 લાખ કરોડ) સુધી પહોંચી ગયું છે. દક્ષિણપશ્ચિમ એરલાઈન્સને પાછળ છોડીને ઈન્ડિગોએ આ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. વૈશ્વિક એરલાઈન્સની આ યાદીમાં પ્રથમ ક્રમે યુએસ સ્થિત ડેલ્ટા એરલાઈન્સ છે. તેનું માર્કેટ કેપ 30.4 બિલિયન (લગભગ 2.53 લાખ કરોડ) છે. ત્યાંજ 26.5 બિલિયન ડૉલર ( 2.16 લાખ કરોડ)ના માર્કેટ કેપ સાથે રાયનએર બીજા ક્રમે છે. ગયા વર્ષે માર્ચમાં ઈન્ડિગો માર્કેટ કેપ મુજબ વૈશ્વિક એરલાઈન્સની યાદીમાં 14માં ક્રમ પર હતી.

### મલ્ટિનેશનલ કંપનીઓની વધતી રુચિથી ભારતને ફાયદોઃ રિપોર્ટ

નવી દિલ્હીઃ ભારત હવે મલ્ટિનેશનલ કંપનીઓ માટે હબ બની રહ્યું છે તેમજ મલ્ટિનેશનલ કંપનીઓની વધતી રૂચિને કારણે પણ ભારતને ફાયદો થઈ રહ્યો છે. મોટા ભાગની વિદેશી કંપનીઓ સપ્લાય ચેઈનમાં વૈવિધ્યકરણની વ્યૂહરચનાના સંદર્ભમાં ભારતને એક વૈકલ્પિક મેન્યુફેક્ચરિંગ બેઝ તરીકે જુએ છે વર્ષ 2024ના ફાઈનાન્સિંગ ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ અનુસાર વિકાસ માટેના ધિરાણના અંતરને ઘટાડવા માટે નાણાકીય હેરફેર ઝડપી બને તે જરૂરી છે, જેનો અંદાજ વાર્ષિક સ્તરે $4.2 ટ્રિલિયન છે.

### વાર્ષિક 20 કરોડથી વધુની કમાણી કરતા સીઈઓની સંખ્યા બમણી



નવી દિલ્હીઃ ભારતમાં કંપનીઓના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર્સ (CEO)ના પગારમાં છેલ્લા ચાર વર્ષમાં 40 ટકાનો જંગી વધારો થયો છે. વર્ષ 2020માં દેશમાં સીઈઓનો સરેરાશ વાર્ષિક પગાર રૂ. 9.8 કરોડ હતો જે 2024માં રૂ.13.8 કરોડથી વધુ થઈ ચૂક્યો છે. ડેલોઈટ ઈન્ડિયા એક્ઝિક્યુટવ પર્ફોમન્સ એન્ડ રિવોર્ડ સર્વે 2024 મુજબ દેશમાં 400થી વધુ સંસ્થાઓમાં કામ કરતા 75 ટકાથી વધુ સીઈઓ હવે વાર્ષિક રૂ.5 કરોડથી વધુ કમાય છે.2020માં આ આંકડો 66 ટકા હતો. વાર્ષિક રૂ.5 થી 10 કરોડની કમાણી કરતા સીઈઓની સંખ્યા ચાર વર્ષમાં 35 થી ઘટીને 26 ટકા થઈ ગઈ છે.

# એલન મસ્ક આ મહિને આવી શકે છે ભારત

## « વડાપ્રદાન મોદી સાથે કરી શકે છે મહામુલાકાત...

### ટેસ્લાના પ્લાન્ટની જાહેરાત કરી શકે છે

■ નવી દિલ્હી

ઈલેક્ટ્રિક વાહન (EV) મેન્યુફેક્ચરિંગ કંપની ટેસ્લાના માલિક એલન મસ્ક આ મહિને ભારતની મુલાકાતે આવી શકે છે. સમાચાર એજન્સી રોયટર્સે સૂત્રોને ટાંકીને કહ્યું છે કે તેમની આ વિઝિટ 22થી 27 એપ્રિલની વચ્ચે થઈ શકે છે. આ તેમની પ્રથમ ભારત યાત્રા હશે.આ સમય દરમિયાન, મસ્ક ભારતમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટના સ્થાનની જાહેરાત કરી શકે છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મળી શકે છે. જો કે મસ્ક કે વડાપ્રધાન કાર્યાલય દ્વારા આ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી. આ પહેલા એલન મસ્ક ગયા વર્ષે જૂનમાં ન્યૂયોર્કમાં પીએમ મોદીને મળ્યા હતા. ટેસ્લાએ 2022માં ભારત આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, પરંતુ કંપની અને સરકાર વચ્ચે વાતચીત થઈ શકી ન હતી. ટેસ્લાએ સરકાર પાસે સંપૂર્ણ એસેમ્બલ વાહનો પરની આયાત ડ્યુટી 100% થી ઘટાડીને 40% કરવાની માંગ કરી હતી.

### ટેસ્લા કાર મેન્યુફેક્ચરિંગ અને બેટરી સ્ટોરેજ પ્લાન્ટ સ્થાપવા માગે છે



3 એપ્રિલના રોજ બ્રિટનના ફાઈનાન્શિયલ ટાઈમ્સે અહેવાલ આપ્યો હતો કે ટેસ્લા આ મહિને એક ટીમ ભારતમાં મોકલશે, જે દેશમાં 2થી 3 અબજ ડોલર (રૂ.16 હજાર કરોડથી રૂ.25 હજાર કરોડ)ના ઈલેક્ટ્રિક કાર ઉત્પાદન પ્લાન્ટ માટે જગ્યા શોધશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ઈલેક્ટ્રિક કાર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ માટે ટીમનું ધ્યાન મહારાષ્ટ્ર, ગુજરાત અને તમિલનાડુ જેવા ઓટોમોટિવ હબ રાજ્યો પર રહેશે. તેનું કારણ આ રાજ્યોના બંદરો છે, જ્યાંથી કારની નિકાસ સરળ બનશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટેસ્લા ભારતમાં ઈલેક્ટ્રિક કારની સાથે બેટરી સ્ટોરેજ સિસ્ટમનું ઉત્પાદન અને વેચાણ કરવા માંગે છે. કંપનીએ આ માટે ભારતીય સત્તાવાળાઓને પ્રસ્તાવ આપ્યો હતો.

## તંત્રીસ્થાનેથી...

# ભારતની ચૂંટણીમાં ચીનની દખલ, રીયલ થ્રેટ કે અમેરિકાનો પ્રોપેગેન્ડા ?




**ભારતમાં** લોકસભાની ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે ત્યારે દુનિયાની સૌથી મોટી કોમ્પ્યુટર ટેકનોલોજી કંપની માઈક્રોસોફ્ટે ચેતવણી આપી છે કે, ચીન ભારતમાં લોકસભાની ચૂંટણીમાં દખલ કરીને તેને પ્રભાવિત કરવા અને ખોરવવા પ્રયત્ન કરી શકે છે. માઈક્રોસોફ્ટના રીપોર્ટમાં કરાયેલા દાવા પ્રમાણે, ચીન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની મદદથી બનાવેલા કન્ટેન્ટનો ઉપયોગ કરીને ભારત જ નહીં પણ અમેરિકા, યુકે અને દક્ષિણ કોરીયા જેવા દેશોની ચૂંટણીમાં પણ દખલ કરી શકે છે. ભારતમાં અત્યારે ચૂંટણી છે જ્યારે અમેરિકામાં આ વરસના અંતમાં અને યુકેમાં આવતા વરસની શરૂઆતમાં ચૂંટણી છે.

ચીને પોતાને ફાયદો થાય અને પોતાનાં હિતો જળવાય એવા લોકો કે પાર્ટીને જીતાડવા માટે સાયબર એક્ટર્સને સક્રિય કરી દીધા હોવાનો દાવો પણ આ રીપોર્ટમાં કરાયો છે. આ રીપોર્ટમાં સ્પષ્ટતા કરાઈ છે કે, આ કન્ટેન્ટની ચૂંટણીનાં પરિણામો પર અસર પડવાની શક્યતા ઓછી છે પણ ચીન મીમ્સ, વીડિયો અને ઓડિયોનો મારો ચલાવીને આ પ્રયોગો ચાલુ જ રાખશે તેથી ભવિષ્યમાં આ અખતરા ભારત સહિતના દેશો માટે ખતરો બની શકે છે.

માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સે લીધેલો ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઈન્ટરવ્યુ પ્રસારિત કરાયો તેના અઠવાડિયામાં જ આ રીપોર્ટ બહાર આવ્યો છે. આ યોગાનુયોગ છે કે પછી બંને વાતો વચ્ચે કોઈ કનેક્શન છે એ ખબર નથી. ભૂતકાળમાં કોંગ્રેસના સર્વેસર્વા નહેરૂ-ગાંધી ખાનદાનના ચીન સાથેના ગાઢ સંબંધો હોવાના મુદ્દાને ભાજપે બહુ ચગાવેલો. આ રીપોર્ટને એ આક્ષેપો સાથે કંઈ સંબંધ છે કે નહીં એ પણ ખબર નથી પણ આ દાવો ગંભીર છે એ સ્વીકારવું પડે. ચીનની માનસિકતા જોતાં એ ગમે તે કરી શકે તેથી આ રીપોર્ટને સાવ હમ્બગ ગણીને હસવામાં કઢાય એવું પણ નથી.

ચીન પાસે ભારત, અમેરિકા અને યુકેની ચૂંટણીઓમાં દખલ કરવા માટે કારણો પણ છે. આ ત્રણેય વિશ્વમાં સૌથી જેન્યુઈન લોકશાહી ધરાવતા દેશોમાં સ્થાન પામે છે. સામ્યવાદી ચીન લોકશાહીમાં માનતો નથી તેથી લોકશાહી દેશોમાં દખલ કરીને પોતાનો અહમ સંતોષવા પ્રયત્ન કરી શકે. આ ત્રણેય દેશો દુનિયાની સૌથી મોટી છ આર્થિક મહાસત્તાઓમાં સ્થાન પામે છે તેથી ચીનનાં આર્થિક હિતો પણ તેમની સાથે વ્યાપક રીતે સંકળાયેલાં છે. આ ત્રણેય દેશોમાં સત્તામાં કોણ આવે છે તેના પર ચીનના આર્થિક હિતોનો આધાર છે તેથી ચીન પોતાના મનપસંદ લોકોને સત્તામાં બેસાડવા ગમે તે કરી શકે છે.

ભારતમાં ચૂંટણીને પ્રભાવિત કરવા માટે ચીન ક્યા પ્રકારનું કન્ટેન્ટ ક્રીયેટ કરશે એ વિશે આ રીપોર્ટમાં બહુ સ્પષ્ટતા કરાઈ નથી પણ અમેરિકામાં ચીની ખેલાડીઓ કઈ ગેમ ખેલી રહ્યા છે એ વિશે વિગતે વાત કરી છે. અમેરિકામાં સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને લોકો અંદરોઅંદર બાખડે એવી રણનીતિ ચીને અપનાવી છે. કોઈ પણ મુદ્દે પોસ્ટ મૂકાય પછી તેની તરફદારી કરતી અને વિરોધ કરતી કોમેન્ટ્સ શરૂઆતમાં ચીનના પીઠ્ઠુઓ કરે ને પછી સામાન્ય લોકો પણ તેમાં જોડાય તેમાં રમખાણ થઈ જાય એવી સ્ટ્રેટેજી ચીન અપનાવી છે. ઈઝરાય-હમાસ યુધ્ધ, ઈલ-લીગલ ઈમિગ્રન્ટ્સ સહિતના મુદ્દે આ પ્રકારની પોસ્ટ્સ મૂકીને સાયબર એક્ટર્સે અમેરિકામાં બખેડા કરાવી જ દીધા છે.

વિશ્લેષકોનો એક વર્ગ માઈક્રોસોફ્ટના રીપોર્ટને ચીનને વિલન ચિતરવાના અમેરિકાના પ્રોપેગેન્ડાનો એક ભાગ માને છે. તેમના મતે, માઈક્રોસોફ્ટ મોટી કંપની છે પણ અંતે તો અમેરિકાની જ કંપની છે તેથી અમેરિકાનાં હિતો સચાવવામાં મદદ કરે જ.

ચીન અમેરિકા સામે મોટો ખતરો બનીને ઉભરી રહ્યું છે. ચીનની આર્થિક અને લશ્કરી બંને તાકાત વધી ગઈ છે તેથી અમેરિકાની સર્વોપરિતા સામે ખતરો છે. ચીન રશિયા. સાઉથ આફ્રિકા અને બ્રાઝિલ જેવા મોટા દેશોને સાથે લઈન એક નવી ધરી રચવામાં સફળ થયું છે. સાઉદી અરેબિયા જેવા વરસો સુધી અમેરિકા સાથે ગાઢ સંબંધો રાખનારા દેશો પણ ચીન તરફ ઢળી રહ્યા છે. એશિયામાં જાપાન અને દક્ષિણ કોરીયાને બાદ કરતાં બાકીના દેશો ચીન તરફ ઢળતા જાય છે તેથી અમેરિકાનો ગરાસ લૂંટાઈ રહ્યો છે. આ ગરાસ લૂંટાતો રોકવા માટે અમેરિકાને ભારત જેવા મજબૂત સાથીની જરૂર છે તેથી અમેરિકા સતત ભારતને ચીનનો ડર બતાવ્યા કરે છે.

# ઓવૈસીનો તેના ગઢમાં જ ‘ખેલ’ પાડી દેવા કોંગ્રેસનો માસ્ટર પ્લાન, સ્ટાર ખેલાડીને ઉતારશે ચૂંટણી મેદાને

## વિચાર મંથન

**કોંગ્રેસ** લોકસભાની ચૂંટણીમાં તેલંગાણાની હૈદરાબાદ લોકસભા બેઠક પર અસદુદ્દીન ઓવૈસી સામે ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાને મેદાનમાં ઉતારશે એવાં સંકેત મળતાં રાજકીય ઉત્તેજના વ્યાપી ગઈ છે. તેલંગાણામાં લોકસભાની 17 બેઠકો માટે 13 મેએ મતદાન છે. કોંગ્રેસ એકાદ અઠવાડિયામાં પોતાના ઉમેદવારો જાહેર કરે ત્યારે સાનિયાના નામની જાહેરાત કરી દેવાશે એવું કોંગ્રેસના નેતા છાતી ઠોકીને કહે છે.

સાનિયા મિર્ઝાને ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા મોહમ્મદ અઝહરુદ્દીને ઓવૈસી સામે લડવા તૈયાર કરી દીધી હોવાનું કહેવાય છે. સાનિયા જેવી સેલિબ્રિટી ઓવૈસી સામે ટકરાવા તૈયાર હોય તો કોંગ્રેસને શો વાંધો હોય ? કોંગ્રેસ માટે તો બગાસુ ખાતાં પતાસુ મળ્યા જેવો ઘાટ થાય. કોંગ્રેસે હૈદરાબાદ લોકસભા બેઠક છેલ્લે ૧૯૮૦માં જીતેલી કે જ્યારે કે.એસ. નારાયણ જીત્યા હતા. ૨૦૦૪માં કોંગ્રેસના કોન્ડા લક્ષ્મા રેડ્ડી લગભગ અઢી લાખ મત લઈ ગયેલા. કોંગ્રેસે એ પછી એવો સારો દેખાવ પણ કર્યો નથી. બલ્કે છેલ્લી બે ચૂંટણીમાં તો કોંગ્રેસના ઉમેદવારને ૫૦ હજાર કરતાં પણ ઓછા મત મળેલા અને ડીપોઝિટ પણ જપ્ત થઈ હતી.

અઝહરુદ્દીન ૨૦૨૩ની તેલંગાણા વિધાનસભાની ચૂંટણી હૈદરાબાદની જ્યુબિલી હિલ્સ બેઠક પરથી લડેલો પણ હારી ગયેલો પણ તેનો કોંગ્રેસમાં ભારે પ્રભાવ છે. કોંગ્રેસનો લોકસભાનો સભ્ય રહી ચૂકેલો અઝહર તેલંગાણા પ્રદેશ કોંગ્રેસનો કાર્યકાર પ્રમુખ પણ હતો. રેવંત રેડ્ડી સાથે તેના ગાઢ સંબંધો છે અને સાનિયા સાથે તો પારિવારિક સંબંધો છે. અઝહરનો નાનો દીકરો મોહમ્મદ અસદુદ્દીન સાનિયાનો બનેવી છે. સાનિયાની બહેન અનમ સાથે અસદુદ્દીનનાં ૨૦૧૯માં લગ્ન થયાં હતાં. આ કારણે સાનિયા અઝહરની વાત ટાળી શકે તેમ નથી. સાનિયા ખરેખર ઓવૈસી સામે ચૂંટણી લડશે તો હૈદરાબાદ લોકસભા પર બેઠક દેશનો સૌથી હાઈ વોલ્ટેજ ચૂંટણી જંગ જોવા મળશે તેમાં બેમત નથી. હૈદરાબાદ બેઠક માટે ભાજપે હિંદુવાદી નેતા માધવીલતા કોમ્પેલ્લાને ઉમેદવાર બનાવ્યાં છે પણ ઓવૈસી સામે તેમનો કોઈ ક્લાસ નથી કેમ કે ઓવૈસી પરિવારની આ વિસ્તારમાં જબરદસ્ત પકડ છે.



હૈદરાબાદ લોકસભા મતવિસ્તારમાં સાત વિધાનસભા બેઠકો આવે છે. આ પૈકી એક માત્ર ગોશમહલ બેઠક પરથી ભાજપના ટી. રાજાસિંહ ચૂંટાયા છે, બાકીની બેઠકો ઓવૈસીની એઆઈએમઆઈએમે જીતી છે. ટીઆરએસ સાથે સમજૂતીના કારણે એઆઈએમઆઈએમે આ બેઠક પરથી ઉમેદવાર નહોતો ઉતાર્યો. કટ્ટર હિંદુવાદી ઈમેજના કારણે રાજાસિંહનો પોતાને પણ ચાહક વર્ગ છે તેથી એ જીતી ગયા. બાકી હૈદરાબાદમાં ઓવૈસી સામે કોઈ ટકી શકતું નથી.

હૈદરાબાદ લોકસભા મતવિસ્તારમાં ૬૦ ટકા મતદારો મુસ્લિમ છે. ઓવૈસી હૈદરાબાદમાં જ નહીં પણ આખા ભારતમાં મુસ્લિમ ફેસ અને વોઈસ બનીને ઉભર્યા છે એ જોતાં બહુમતી મુસ્લિમો તેમની તરફેણમાં મતદાન કરે છે તેથી માધવીલતા નહીં પણ બીજા કોઈનું પણ ઓવૈસીને હરાવવાનું ગજું નથી. હૈદરાબાદ લોકસભા બેઠક છેલ્લા ચાર દાયકાથી ઓવૈસી પરિવારનો ગઢ છે. હૈદરાબાદમાં ૧૯૮૪માં ઓવૈસીના પિતા સુલતાન સલાહુદ્દીન ઓવૈસી અપક્ષ તરીકે જીત્યા ત્યારથી આ બેઠક ઓવૈસી પરિવારના નામે લખાયેલી છે. સુલતાન સલાહુદ્દીન સળંગ છ વાર હૈદરાબાદમાંથી જીત્યા હતા. સુલતાન સલાહુદ્દીન પહેલી વાર અપક્ષ તરીકે જીત્યા હતા પણ પછી ઓલ ઈન્ડિયા મજલિસ એ-ઈત્તિહાદુલ મુસલીમીન (એઆઈએમઆઈએમ) ના ઉમેદવાર તરીકે પાંચ વાર જીત્યા.અસદુદ્દીન ઓવૈસી ૨૦૦૪માં પહેલી વાર એઆઈએમઆઈએમના ઉમેદવાર તરીકે જ જીતેલા. અત્યારે તેમની સળંગ ચોથી ટર્મ છે અને પાંચમી ટર્મ માટે પણ ઓવૈસી જ એઆઈએમઆઈએમના ઉમેદવાર છે.ઓવૈસી ૨૦૦૪થી દરેક ચૂંટણીમાં ૧ લાખ કરતાં વધારે મતથી જીત્યા છે ને ૨૦૧૯માં તો તેમની લીડ વધીને ૨.૮૨ લાખ મત પર પહોંચી ગઈ હતી. ઓવૈસી પરિવારના વર્ચસ્વને તોડવા કોંગ્રેસ, ભાજપ, ટીડીપી અને છેલ્લે છેલ્લે કે. ચંદ્રશેખર રાવની ટીઆરએસએ બહુ પ્રયત્ન કર્યા પણ કોઈ ફાવ્યા નથી. ભાજપે તો ૧૯૯૬માં સુલતાન ઓવૈસી સામે ધુરંધર વૈંકૈયાહ નાયડુને ઉતારેલા પણ નાયડુ ખરાબ રીતે હારી ગયેલા. બીજા પણ ઘણા ઉમેદવારો આવ્યા પણ ઓવૈસીના ગઢના કાંકરા કોઈ ખેરવી ના શક્યું. સાનિયા મિર્ઝા ઓવૈસીને હરાવી શકે એવું છાતી ઠોકીને ના કહી શકાય પણ સાનિયા ઓવૈસીને જબરદસ્ત ટક્કર આપી શકે તેમાં બેમત નથી.

માત્ર ૩૭ વર્ષની સાનિયા યંગસ્ટર્સમાં લોકપ્રિય છે, સેલિબ્રિટી હોવાના કારણે હિંદુ મતદારોને પણ આકર્ષી શકે છે. હિંદુ મતદારો કટ્ટરવાદી વલણના કારણે ઓવૈસીને પસંદ નથી કરતા પણ તેમની પાસે વિકલ્પ નથી. સાનિયાના રૂપમાં તેમને વિકલ્પ મળી શકે. સાનિયા ઓવૈસીની મુસ્લિમ મતબેંકમાં ભાગ પડાવી શકે ને હિંદુ મતદારોને પોતાની તરફ વાળી શકે એવી તાકાત તો ધરાવે જ છે. ઓવૈસીનું વર્ચસ્વ અને એકહથ્થુ પ્રભુત્વ તોડવામાં બધાંને રસ છે તેથી બીજા પક્ષો પણ સાનિયાને મદદ કરે તેથી ઓવૈસીને ચોક્કસ ફીણ પડાવી શકે. સાનિયા ઓવૈસીને હરાવી દે તો ઈતિહાસ જ રચાઈ જાય. ભારતમાં ભૂતકાળમાં ચેતન ચૌહાણ અને કીત આઝાદ, ગૌતમ ગંભીર, નવજોતસિંહ સિધ્ધુ, મોહમ્મદ અઝહરુદ્દીન, લક્ષ્મી રતન શુકલા સહિતના ક્રિકેટરો લોકસભા કે વિધાનસભામાં ચૂંટાઈને સફળ થયા પણ બીજા સ્પોર્ટ્સ સાથે સંકળાયેલા સુપરસ્ટારને એવી સફળતા નથી મળી. હોકી સ્ટાર દિલીપ ટર્કી કે ફૂટબોલ સ્ટાર બાઈચુંગ ભૂતિયાએ હારનો સ્વાદ ચાખવો પડયો છે. રનર જ્યોતિર્મય સિકદાર અને ફૂટબોલ સ્ટાર પ્રસૂન બેનરજી જેવા સફળ પણ થયા. સાનિયા પણ સફળ થઈ શકે તેમ છે. અલબત્ત, અત્યારે આ બધી વાતો ભેંસ ભાગોળે, છાસ છાગોળે ને ઘરમાં ધમાધમ જેવી છે કેમ કે હજુ કોંગ્રેસે સાનિયાને ઓવૈસી સામે ઉમેદવાર બનાવી નથી પણ કોંગ્રેસ પાસે હૈદરાબાદ બેઠક માટે સાનિયા કરતાં બહેતર વિકલ્પ નથી એ પણ વાસ્તવિકતા છે.

## આતંકવાદીઓના ખાત્મા બાદ પાકિસ્તાનમાં ફફડાટ

# પાકિસ્તાનમાં ‘ટાર્ગેટ કિલિંગ’, અમેરિકાએ કહ્યુ, અમે કઈ ન બોલીએ

**પાકિસ્તાનમાં** આતંકવાદીઓના સફાયા બાદ પાકિસ્તાનમાં આતંકવાદીઓના શ્વાસ અધ્ધર ચઢી ગયા છે. પાકિસ્તાનમાં આતંકવાદીઓની હત્યાની ઘટના સામે આવતા બ્રિટિશ અખબાર ‘ધ ગાર્ડિયન’એ પોતાના એક અહેવાલમાં દાવો કર્યો કે, ભારતે પાકિસ્તાનમાં આતંકવાદીઓનુ ટાર્ગેટ કિલિંગ કર્યુ છે. જો કે ભારતે આ આરોપોને પહેલાથી જ ફગાવી દીધા છે. હવે આ આરોપોને લઈને અમેરિકાએ પણ પ્રતિક્રિયા આપી છે. તો બીજી તરફ મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓનો ખાત્મો થતા પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓમાં પણ ખળભળાટ મચી ગયો છે. ઈસ્લામાબાદે આ ઘટના પાછળ ભારતીય ગુપ્તચર એજન્સી RAWનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે અને કહ્યું હતું કે RAW ટાર્ગેટ કિલિંગને અંજામ આપી રહ્યુ છે. સમગ્ર ઘટના ક્રમ બાદ આંતરરાષ્ટ્રીય મીડિયાએ પાકિસ્તાનમાં ટાર્ગેટ કિલિંગના ભારતના આરોપો પર અમેરિકાની પ્રતિક્રિયા જાણવાની કોશિશ કરી તો અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું, અમે આ મુદ્દાને લગતા મીડિયા અહેવાલોને અનુસરી રહ્યા છીએ. અમે આ આરોપ મુદ્દે કોઈ ટિપ્પણી કરવા માગતા નથી.” અને આ મુદ્દે અમે બંને પક્ષોને વિનંતી કરીએ છીએ કે તેઓ તણાવ ટાળે અને વાતચીત દ્વારા ઉકેલ શોધે.




આ પહેલા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આરોપ લગાવ્યો હતો કે સિયાલકોટમાં શાહિદ લતીફ અને રાવલકોટમાં મોહમ્મદ રિયાઝની હત્યા ભારતીય એજન્ટ યોગેશ કુમાર અને અશોક કુમાર આનંદ દ્વારા કરવામાં આવી હતી. હકીકતમાં, પાકિસ્તાનના સિયાલકોટમાં, આતંકવાદી મૌલાના મસૂદ અઝહરના નજીકના સાથી અને પઠાણકોટ એર બેઝ હુમલાના માસ્ટરમાઈન્ડ, જૈશ આતંકવાદી શહીદ લતીફની 11 ઓક્ટોબર 2023ના રોજ અજાણ્યા હુમલાખોરો દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના બાદ ગભરાયેલા આતંકવાદીઓ અને તેમના આકાઓ પાકિસ્તાનમાં ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ISI એ પાકિસ્તાનમાં હાજર ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓના ટોપ લેવલના આતંકીઓને સુરક્ષા આપી છે. તે જ સમયે, કેટલાક આતંકવાદીઓએ આધુનિક હથિયારોથી સજ્જ ખાનગી સુરક્ષા ગાર્ડને રાખ્યા છે. પાકિસ્તાનના કરાચી, લાહોર, રાવલપિંડીમાં હંમેશા સામૂહિક રેલીઓ અને મેળાવડા કરનારા આતંકવાદીઓ હવે ખુલ્લેઆમ રેલીઓ અને મેળાવડાઓમાં ભાગ લેતા ડરી રહ્યા છે. તેમને હમેશા ડર રહે છેકે, અમારુ પણ ટાર્ગેટ કિલિંગ થઈ શકે છે. બ્રિટિશ અખબારના ખુલાસા બાદ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓની બદનામી થઈ રહી છે. તો બીજી બાજુ મોસ્ટ વોન્ટેડ આતંકી અને લશ્કર ચીફ હાફિઝ સઈદ, મૌલાના મસૂદ અઝહર વર્ષોથી ભૂગર્ભમાં છે. આ તમામ આતંકવાદીઓ અંગે ભારતીય એજન્સીઓને લગભગ એક વર્ષથી ન તો કોઈ ઓડિયો મળ્યો છે કે ન તો કોઈ સાર્વજનિક હાજરી.




## Gadgets ગુરૂ

### Samsung Galaxy M55 સ્માર્ટફોન 26,999 ની કિંમતે લોન્ચ

સાઉથ કોરિયન ટેક કંપની સેમસંગે 8મી એપ્રિલે બજેટ સેગમેન્ટમાં તેના બે સ્માર્ટફોન ‘Samsung Galaxy M15’ અને ‘Galaxy M55’ લોન્ચ કર્યા છે. Galaxy M55 સ્માર્ટફોનમાં 6.67-inch Full HD+ AMOLED ડિસ્પ્લે, Snapdragon 7 Gen 3 પ્રોસેસર અને 50MP સેલ્ફી કેમેરા છે. કંપની આ સ્માર્ટફોનને ભારતીય બજારમાં 26,999 રૂપિયામાં ઉપલબ્ધ છે.

- 120 Hz રિફ્રેશ રેટ
- 6.67 ઈંચની ફુલ HD + AMOLED ડિસ્પ્લે
- રિઝોલ્યુશન 1080x2400
- 50MP+8MP+2MP કેમેરા
- 45W ચાર્જિંગ સપોર્ટ
- 5,000 mAh બેટરી
- Android 14 ઓપરેટિંગ સિસ્ટમ

# નવા અમેરિકામાં 50 વર્ષથી ચાલતો એસયુવી-પિકઅપનો શોખ મોંઘો પડશે

## નિયમોના પરિણામે ગાડીના ભાવમાં જંગી વધારો થશે

■ વૉશિંગ્ટન

અમેરિકનો સુપર સાઈઝ પસંદ કરે છે, પછી તે ફાસ્ટ ફૂડ હોય કે કાર. કાયદા, પહોળા રસ્તાઓ અને પાર્કિંગની ખુલ્લી જગ્યાએ દાયકાઓથી મોટાં વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપ્યું છે. ત્યારે એક રિપોર્ટમાં સામે આવ્યું છે કે, 2022માં અમેરિકામાં વેચાતાં વાહનોનું સરેરાશ વજન અંદાજે 1,857 કિલોગ્રામ હતું પરંતુ લગભગ 50 વર્ષથી મોટાં વાહનોના વેચાણને પ્રોત્સાહન આપતો કાયદો ટૂંક સમયમાં વધુ કડક બનશે. ગયા વર્ષે વાહનોના ઉત્સર્જન પર મર્યાદા નક્કી કરનાર એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સી (ઈપીએ)એ તમામ સ્તરે માપદંડોને કઠોર કરવા અને નાના ટ્રકની પરિભાષાને માર્યાદિત કરવાની યોજના બનાવી હતી. એજન્સી આ વર્ષે અંતિમ નિયમો જાહેર કરવાની છે.

હાલમાં કારોની સરખામણીમાં એસયુવી-પિકઅપ માટે કાર્બન ઉત્સર્જન મર્યાદા 71% વધુ છે. તે કાર માટે 161 ગ્રામ પ્રતિ કિલોમીટર અને એસયુવી-પિકઅપ માટે 276 ગ્રામ પ્રતિ કિલોમીટર છે.યુવા પેઢી નવી આધુનિક સુવિધા સાથેની કાર ખરીદવા માટે ઉત્સુક બની છે. નોંધનીય છે નવા નિયમોથી ઘણાં ફેરફાર જોવા મળી શકે છે. ખાસ કરીને મોંઘી કાર રાખવાનો શોખ ધરાવતા લોકોને અસર થઈ શકે છે.




### ઈ-કારના વેચાણને 2/3 સુધી વધારવાનો લક્ષ્યાંક

ઈપીએ 2032 સુધીમાં આ ગેપને 22% સુધી ઘટાડશે તેવી અપેક્ષા છે. તેનાથી ઉત્પાદકોને એસયુવી-પિકઅપમાં વધુ સારા એન્જિનનો ઉપયોગ કરવાની ફરજ પડશે. તેનાથી પિકઅપ-એસયુવી કાર વધુ મોંઘી થશે. એજન્સીના નવા નિયમોથી ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને પણ વેગ મળશે. 2032 સુધીમાં નવાં વાહનોના વેચાણમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો બે તૃતીયાંશ કરવાનો લક્ષ્યાંક પણ નિર્ધારિત કરવામાં આવ્યો છે. ગયા વર્ષે લગભગ 12 લાખ ઈલેક્ટ્રિક વાહનો અને 87 લાખ એસયુવી-પિકઅપ્સનું વેચાણ નોંધાયું હતું.

NEWS FILE

# ...અમેરિકામાં રિમોટ હસબન્ડનું ચલણ વધ્યું

**38% કામકાજી પુરુષ ક્યાંયથી પણ કામ કરી શકે**
**50% મહિલાઓનું કાર્યસ્થળે પહોંચવું જરૂરી**

વૉશિંગ્ટનઃ વિશેષ કરાર હેઠળ માત્ર અમેરિકામાં સંપન્ન અને સુશિક્ષિત લોકો વચ્ચે, રિમોટ હસબન્ડનું નવું ચલણ ઝડપથી વધતું જોવા મળે છે. યુવા દંપતીઓમાં પત્નીઓ સવારે તેનાં કાર્યાલયો, વર્ગખંડો અને હોસ્પિટલોમાં જાય છે ત્યારે, તેના પતિ ઘરે જ રહે છે. એવું નથી કે પતિ ઘરનાં કામ કે બાળકોની સારસંભાળ માટે ઘરે રહે છે. પણ, તે તેનું કામ ઘરે રહીને જ સરળતાથી કરી શકે છે. કુલ મળીને પુરુષો માટે જ્યાંથી પણ તે ઈચ્છે ત્યાંથી કામ કરવું સરળ છે. હાલમાં જ મેકિન્સેના સરવેમાં જાણવા મળ્યું કે 38% કામકાજી પુરુષો પાસે લાંબા સમય સુધી ક્યાંયથી પણ કામ કરવાનો વિકલ્પ હતો. ત્યારે 50%થી વધુ મહિલાઓ કાર્યસ્થળથી દૂર કામ કરવામાં અસમર્થ હોવાની ફરિયાદ કરે છે.

**રસોઈ-ઘરની સફાઈ પણ કરે છે પુરુષોઃ** તેનું મુખ્ય કારણ વિવિધ કાર્યક્ષેત્રોમાં પુરુષો અને મહિલાઓની ભાગીદારી છે. મોટા ભાગે પુરુષો કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ, એન્જિનિયરિંગ, વાસ્તુકલા, બિઝનેસ વગેરે જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. આ કારણે તે ક્યાંયથી પણ તેનું કામ સરળતાથી કરી શકે છે. એક રિપોર્ટ અનુસાર આ ક્ષેત્રોમાં કામ કરતા લગભગ અડધાથી વધુ લોકો ઘરેથી કામ કરે છે. ત્યારે, બીજી બાજુ મોટા ભાગની મહિલાઓ શિક્ષણ, ચિકિત્સા, નર્સિંગ જેવાં ક્ષેત્રોમાં કામ કરી રહી છે. એવામાં તેનું કાર્યસ્થળે હાજર રહેવું મહત્ત્વનું છે. એક સરવે અનુસાર અમેરિકામાં શિક્ષણ ક્ષેત્રમાં 44%, ચિકિત્સામાં 24% અને નર્સિંગમાં 49% મહિલાઓ કામ કરે છે.

**પુરુષો માટે ઘરેથી કામ કરવું સકારાત્મક અનુભવઃ** મેકિન્સેના એક સરવે અનુસાર 79% પુરુષોનું કહેવું છે કે ઘરેથી કામ કરવામાં તે સકારાત્મકતા અનુભવે છે. એક અન્ય સરવેમાં 32% પુરુષોએ ઘરની સફાઈ અને 34%એ રસોઈ બનાવવામાં વધુ મદદ કરી શકવાની વાત પણ માની છે.

# અમેરિકન પોલીસે મુસ્લિમ મહિલાને હિજાબ ઉતરાવ્યો

**■ અમે અપમાનિત અનુભવીએ છીએ તે શબ્દોમાં વ્યક્ત કરી શકાશે નહીં, હવે વળતર સ્વરૂપે 145 કરોડ ચૂકવવા પડશે**

■ વોશિંગ્ટન



અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં પોલીસે બે મુસ્લિમ મહિલાઓના હિજાબ હટાવી દીધા છે. પોલીસે તેમની ધરપકડ કરી હતી. તેની સંપૂર્ણ ઓળખનો રેકોર્ડ બનાવવા માટે તેનો હિજાબ દૂર કરવામાં આવ્યો હતો. હવે આ મહિલાઓને વળતર તરીકે 145 કરોડ રૂપિયા મળશે. 2018માં બે મુસ્લિમ મહિલાઓ જમિલા ક્લાર્ક અને અરવા અઝીઝે કેસ દાખલ કર્યો હતો. જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમની ધરપકડ કર્યા બાદ ઓળખ માટે તેમની તસવીર લેવી પડી હતી. આ માટે તેમને તેમનો હિજાબ ઉતારવાની ફરજ પડી હતી, જેના કારણે તેમને શરમ અનુભવાતી હતી. એ અપમાનજનક ક્ષણો શબ્દોમાં વ્યક્ત કરી શકાતી નથી. તે સમયે ઘણા પુરુષ પોલીસ અધિકારીઓ અને 30 કેદીઓ હાજર હતા. ક્લાર્કની 9 જાન્યુઆરી, 2017ના રોજ ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અઝીઝની 30 ઓગસ્ટ, 2017ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. ક્લાર્કનું કહેવું છે કે તેના પૂર્વ પતિએ બનાવટી કેસ કર્યો હતો.

# UNની જનરલ એસેમ્બલીના અધ્યક્ષ ભારતના બન્યા ફેન

■ જીનિવા



ભારતમાં ડિજિટલાઈઝેશનના વધી રહેલા વ્યાપ અને અસરકારકતા જોઈને યુનાઈટેડ નેશન્સ પણ આફરીન પોકારી ગયુ છે. UNGA(યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી)ના પ્રમુખ ડેનિસ ફ્રાન્સિસે કહ્યુ છે કે, ડિજિટલાઈઝેશનથી ભારતમાં નાણાકીય ક્ષેત્રનો સર્વાંગી વિકાસ થશે અને તેનાથી ગરીબી ઓછી કરવામાં પણ મદદ મળશે. અન્ય દેશોએ પણ તેમાંથી પ્રેરણા લેવાની જરુર છે. ભારતના ડિજિટલાઈઝેશનની સફળતાને વૈશ્વિક સમુદાય સાથે શેર કરવી જોઈએ. તેમણે આગળ કહ્યુ હતુ કે, જ્યારે પણ હું ભારત માટે વિચારુ છું ત્યારે અતુલ્ય ભારતનુ સ્લોગન યાદ આવે છે. હું ભારત ગયો ત્યારે મેં આ સ્લોગન જોયુ હતુ. હું કહી શકું તેમ છું કે ડિજિટલાઈઝેશનનો ભારતમાં બખૂબી ઉપયોગ થઈ રહ્યો છે.

ફ્રાંસિસ તા.22 થી 26 જાન્યુઆરી વચ્ચે ભારતની યાત્રા પર આવ્યા હતા. તેમણે વિદેશ મંત્રી જયશંકર સાથે બેઠક કરી હતી અને જયપુર તેમજ મુંબઈની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ડિજિટલાઈઝેશનનુ માળખુ તેમની ચર્ચાનુ મુખ્ય કેન્દ્ર હતુ. તેમણે ડિજિટલાઈઝેશનની અસરકારકતા અને ઉપયોગને પણ નીહાળ્યો હતો અને ત્યારથી તેઓ ડિજિટલાઈઝેશનના ફેન બની ગયા છે.

# અમેરિકાના ઓહાયોમાં વધુ એક ભારતીય વિદ્યાર્થીનું મોત




વોશિંગ્ટનઃ અમેરિકાના ઓહાયોમાં વધુ એક ભારતીય વિદ્યાર્થીનું મોત થયું છે. ભારતીય દૂતાવાસે આ માહિતી આપી છે. મૃત્યુનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. આ બાબતે તપાસ ચાલુ છે. દૂતાવાસે કહ્યું, “ભારતીય વિદ્યાર્થી સત્ય સાંઈ ગડ્ડેનું ઓહાયોમાં અવસાન થયું છે. અમે દુઃખી છીએ. અમે પરિવારને તમામ શક્ય મદદ કરીશું. અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરીશું કે વિદ્યાર્થીનો મૃતદેહ શક્ય તેટલી વહેલી તકે ભારત પહોંચે.” જોકે, એમ્બેસીએ એ જણાવ્યું નથી કે વિદ્યાર્થીનો મૃતદેહ ક્યારે અને ક્યાંથી મળ્યો. છેલ્લા 3 મહિનામાં અમેરિકામાં 10 ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે.

# ભારતની પાઈપ-ટયુબ બનાવતી કંપની લુઈસિયાનામાં ઉત્પાદન શરૂ કરશે

## ગ્લોબલ સીમલેસ ટયુબ્ઝ એન્ડ પાઈપ્સ 10 દેશોમાં કાર્યરત

■ વૉશંગ્ટન

હાવરા સ્થિત ગ્લોબલ સીમલેસ ટયુબ્ઝ એન્ડ પાઈપ્સ એક્ષપોર્ટસ હવે અમેરિકાનાં લુઈસિયાના રાજ્યમાં, ૩ કરોડ ૫૦ લાખ ડોલરનું મૂડી રોકાણ કરી ઉત્પાદન શરૂ કરવાની છે. ઉત્તર પશ્ચિમ લુઈસિયાનામાં સ્થપાનારી આ ફેકટરીથી તે વિસ્તારમાં સેંકડો રોજગારી પણ ઊભી થવા સંભવ છે. લુઈસિયાનામાં અત્યંત આધુનિક મશીનરીનો ઉપયોગ કરવામાં આવશે, અને તેમાં હોટ ફીનીશિંગ તેમજ કોલ્ડ ડ્રોન, તેમ બંને પ્રકારના મેન્યુફેકચરીંગ પ્રોસેસ હાથ ધરવામાં આવશે. કંપનીના પ્રેસિડેન્ટ એ.આર.બિશ્વાસે પત્રકારોને જણાવ્યું હતું કે દુનિયાના ૧૦ દેશોમાં અમારી કંપની ફેલાયેલી છે. લુઈસિયાનામાં સ્થપાનારી અમારી ફેક્ટરીમાં મોટા ભાગનું કામ તો યંત્રો દ્વારા જ થશે. પશ્ચિમ ગોળાર્ધમાં અમારી સૌથી પહેલી ફેસિલીટી બની રહેશે. આથી અમે પશ્ચિમ ગોળાર્ધ સ્થિત અમારા ગ્રાહકોને વધુ ઝડપથી અને વધુ સરળતાથી સેવા આપી શકીશું.

### અનેક લોકોને રોજગારી મળી રહેશે,



પહેલાં તબક્કામાં ૧૩૫ ડાયરેક્ટર ન્યૂ જોબ્સ લુઈસિયાનાના ડીસોરો પેરિશમાં ૧૩૫ ડાયરેક્ટર જોબ્સ ઉભા થશે. સાથે લૂઈઝિયાના ઈકોનોમિક ડેવલપમેન્ટ નામની આર્થિક આકલન સંસ્થા જણાવે છે કે તેથી ૨૫૧ ઈન્ડાયરેક્ટ નવી રોજગારી ઊભી થશે. આમ લૂઈઝિયાનાના ઉત્તર પશ્ચિમ ભાગે નવી ૩૮૬ રોજગારીઓ ઊભી થવા સંભવ છે.એ.આર.બિશ્વાસે વધુમાં કહ્યું હતું કે લુઈસિયાનામાં કુદરતી ગેસ, પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. તેથી આ વિસ્તાર અમે સહજ રીતે જ પસંદ કર્યો છે. પશ્ચિમ ગોળાર્ધમાં શરૂ થનારૃં આ સૌથી પહેલું સાહસ છે. પૂર્વ ગોળાર્ધમાં અમે જુદા જુદા ૧૦ સ્થળોએ અમારી ફેસિલિટીઝ કાર્યરત કરી જ દીધી છે. પરંતુ પશ્ચિમ ગોળાર્ધમાં અમારી સૌથી પહેલી ફેસિલીટી બની રહેશે. આથી અમે પશ્ચિમ ગોળાર્ધ સ્થિત અમારા ગ્રાહકોને વધુ ઝડપથી અને વધુ સરળતાથી સેવા આપી શકીશું.

# 221 વર્ષમાં પહેલીવાર અમેરિકાના 16 રાજ્યમાં કીડાઓનો હુમલો થશે

## 1 લાખ કરોડ કરતાં વધુ કીડાઓ દેશમાં ફેલાઈ જશે

■ ન્યૂયોર્ક

આ મહિનાના અંત સુધીમાં એટલે કે એપ્રિલના અંત સુધીમાં અમેરિકાના 16 રાજ્યોમાં જંતુઓનો હુમલો થવા જઈ રહ્યો છે. આને સિકાડા કહેવામાં આવે છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે તેમની સંખ્યા એક લાખ કરોડને વટાવી શકે છે. જેના કારણે પાકને મોટી સંખ્યામાં નુકસાન થઈ શકે છે. વાહનવ્યવહાર ખોરવાઈ શકે છે. આ સિકાડા બે અલગ અલગ જૂથોમાંથી છે. એક જૂથનું નામ બ્રૂડ XIX છે, જેને ગ્રેટ સધર્ન બ્રૂડ તરીકે પણ ઓળખવામાં આવે છે. બીજો બ્રૂડ XIII છે, જેને ઉત્તરી ઈલિનોઈસ બ્રૂડ તરીકે પણ ઓળખવામાં આવે છે. આશ્ચર્યજનક અને હેરાન કરનારી વાત એ છે કે આ વખતે આ બંને સંતાનો એકસાથે બહાર આવી રહ્યા છે. બ્રૂડ એટલે ઈંડાં કે બાળકો. આગામી થોડા દિવસોમાં આ ઈંડામાંથી જંતુઓ બહાર આવશે અને ખુલ્લામાં આવી જશે.

આ જંતુઓ ન તો માણસોને કરડે છે. ખંજવાળશો નહીં. ન તો ડંખ. તેઓ પોતાની સાથે કોઈ પણ પ્રકારની બીમારી નથી લઈ જતા જેનાથી માણસો સંક્રમિત થઈ શકે. પરંતુ તેઓ ખૂબ અવાજ કરે છે. ન તો તેઓ યોગ્ય રીતે ઉડી શકે છે. તેમજ તેઓ યોગ્ય રીતે ઉતરી શકતા નથી. આ લોકોના ઘરોમાં, કારમાં પડે છે, જ્યાં પણ જગ્યા મળે છે.

## 2.54 કરોડ કિમી વિસ્તારમાં એક લાખ કરોડ જંતુ ફેલાશે

જંતુઓના આ જૂથોના આગમનનું એક ચક્ર છે. એટલે કે તેઓ નિર્ધારિત સમય પછી આવી રહ્યા છે. પરંતુ આ 221 વર્ષમાં પ્રથમ વખત બની રહ્યું છે કે સિકાડાના બે જૂથો સાથે મળીને અમેરિકા પર આક્રમણ કરવા જઈ રહ્યા છે. ઉત્તરી ઈલિનોઈસ બ્રૂડ દર 17 વર્ષમાં એકવાર હુમલો કરે છે. જ્યારે 13 વર્ષમાં ગ્રેટ સધર્ન બ્રૂડ. તેઓ અમેરિકાના જંગલો, ખેતરો અને લીલી જગ્યાઓને નુકસાન પહોંચાડે છે. આ એક લાખ કરોડના જંતુઓ અમેરિકાના 2.54 કરોડ કિલોમીટર વિસ્તારને નુકસાન પહોંચાડી શકે છે. આ જંતુઓ આ સમગ્ર વિસ્તારના દરેક ઈંચમાં હાજર રહેશે. આ એટલું અંતર છે કે સિકાડા 33 વખત ચંદ્ર પર આવી શકે છે.

### પ્રજનન અને ભૂખ અને તરસ સંતોષવા માટે બહાર આવે

આ સિકાડા એપ્રિલના અંતમાં જમીનમાંથી બહાર આવશે. તે સંપૂર્ણપણે તાપમાન પર આધાર રાખે છે. પરંતુ તે પહેલા થોડો વરસાદ અને ભેજ જરૂરી છે. જલદી આ બધી વસ્તુઓ ઉપલબ્ધ છે. આ જંતુઓ ઝડપથી બહાર આવશે. ભૂખ્યા અને તરસ્યા. તેઓ પાક, ફળ, ખેતી, દરેક વસ્તુ પર સીધો હુમલો કરશે. પ્રજનન કરશે. બાળકોને ઉછેરશે.



### આ જંતુઓની સૌથી વધુ અસર ક્યાં થશે...

આ જંતુઓ લ્યુઈસિયાના, દક્ષિણ અરકાનસાસ, અલાબામા, મિસિસિપી, ઉત્તરી જ્યોર્જિયા, દક્ષિણ કેરોલિના, ટેનેસી, મિઝોરી, ઈલિનોઈસ, કેન્ટુકી, ઈન્ડિયાના, વિસ્કોન્સિન અને આયોવા પર હુમલો કરશે. આ હુમલો એપ્રિલના અંતથી આવતા છ અઠવાડિયા સુધી ચાલુ રહેશે. એક મહિના સુધી જીવંત રહે છે.

# ન્યૂયોર્કમાં 4.8ની તીવ્રતાનો ભૂકંપ અને બોસ્ટનમાં પણ આંચકા અનુભવાયા



■ ન્યૂયોર્ક

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં શુક્રવારે ભૂકંપ આવ્યો હતો. 'ન્યૂયોર્ક ટાઈમ્સ' અનુસાર ભૂકંપની તીવ્રતા 4.8 હોવાનું કહેવાય છે. ભૂકંપનું કેન્દ્ર 50 કિલોમીટર દૂર હોવાનું જણાવવામાં આવ્યું છે. અમેરિકન સમય અનુસાર આ ભૂકંપ શુક્રવારે સવારે 10.20 વાગ્યે આવ્યો હતો અને તેના આંચકા ફિલાડેલ્ફિયા અને બોસ્ટન સુધી અનુભવાયા હતા. આ ઘટના બાદ ઈસ્ટ કોસ્ટના ઘણા એરપોર્ટ પરથી ફ્લાઈટ્સ બંધ કરી દેવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ ભૂકંપને કારણે કોઈ નુકસાન થયું નથી. જો કે, એલર્ટ સાયરન વાગતા રહ્યા. સિટી મેયર એરિક એડમ્સના પ્રવક્તા ફેબિયન લેવીએ કહ્યું - ખૂબ જ નાના આંચકા હતા. કોઈ જાનહાનિ કે નુકસાનના સમાચાર નથી.

રિપોર્ટ અનુસાર, ન્યૂયોર્ક અને ન્યૂ જર્સીમાં મોટા ભાગે નાના ભૂકંપ આવે છે અને મોટા ભાગે તેની નોંધ લેવામાં આવતી નથી. મે 2023માં અહીં 2.2ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. એપ્રિલ 2023માં 3.6ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. 2011માં વર્જિનિયામાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જો આપણે ન્યુયોર્કમાં જ સૌથી મોટા ભૂકંપની વાત કરીએ તો તે 1884માં આવ્યો હતો. ત્યારે ભૂકંપની તીવ્રતા 5.2 હતી. 2008માં કરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર ન્યૂયોર્ક અને તેની આસપાસના વિસ્તારોમાં 5ની તીવ્રતાનો ભૂકંપ આવવાની સંભાવના છે, પરંતુ તે 100 વર્ષમાં માત્ર એક જ વાર આવશે.

# અમેરિકામાં શિક્ષણ વ્યવસ્થાની સ્થિતિ નિરાશાજનક, સરકાર હવે શું કરશે

## 85% શિક્ષક વેતનથી નાખુશ, હવે 30% નવી નોકરીની શોધમાં

■ વૉશિંગ્ટન

અમેરિકામાં શિક્ષણ પ્રદ્ધતિની સ્થિતિ ધારણા કરતાં વધુ નિરાશાજનક છે. અહીંની 80% સ્કૂલ યોગ્ય શિક્ષકોને નિયુક્ત કરવા માટે સંઘર્ષ કરી રહી છે. ત્યારે, પહેલાંથી ભણાવી રહેલા શિક્ષકો ઓછામાં ઓછા સંસાધનો અને માતા-પિતા, સ્કૂલ પ્રશાસનની વધારે પડતી અપેક્ષાઓ વચ્ચે સતત ઝઝૂમી રહ્યાં છે. હાલમાં જ પ્યૂ દ્વારા પબ્લિક સ્કૂલોમાં કિન્ડરગાર્ડનથી બારમા ધોરણ સુધીના 2531 શિક્ષકો પર સરવે કરાયો. સરવેમાં જાણવા મળ્યું કે 90% શિક્ષકો માટે વેતન, વિદ્યાર્થીઓની સતત ગેરહાજરી ચિંતા અને હતાશાનું કારણ બન્યું છે. 85% શિક્ષક તેમને મળતા વેતનથી ખુશ નથી. 30% શિક્ષક આ વર્ષે નવી નોકરી શોધી રહ્યા છે. ત્યારે, બે તૃતીયાંશ માટે સ્કૂલમાં ભણવું મુશ્કેલીનું કારણ બન્યું છે.

વિદ્યાર્થીનો વ્યવહાર તેમના કામને વધારે મુશ્કેલ બનાવી રહ્યો છે. 60% શિક્ષકોનું કહેવું છે કે તેમને દરરોજ



વિદ્યાર્થીઓના દુર્વ્યવહારનો સામનો કરવો પડે છે. તેમાંથી 40%એ વિદ્યાર્થીઓનું હિંસક હોવું પણ ગણાવ્યું છે. સમસ્યા એ છે કે આવી સ્થિતિમાં તે મદદ માટે માતા-પિતા પર પણ વિશ્વાસ નથી કરી શકતા. તેમાંથી 80% એ કહ્યું કે સ્કૂલોમાં દુર્વ્યવહાર માટે બાળકોને જવાબદાર ગણાવા માતા-પિતા ખૂબ ઓછા પ્રયત્નો કરે છે. 47% શિક્ષકો અનુસાર વિદ્યાર્થીઓને ભણવામાં ખૂબ ઓછી અથવા જરા પણ રુચિ નથી.

# અમેરિકામાં ચૂંટણી સમયે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ચોંકાવનારો આરોપ

## હાલના રાષ્ટ્રપતિ જો બાઈડેન ડ્રગ્સનું કરે છે સેવન

■ વોશિંગ્ટન

અમેરિકાના પૂર્વ પ્રમુખ અને આ વખતની અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ડેમોક્રેટ પ્રમુખ જો બાઈડેનના રીપબ્લિકન પ્રતિસ્પર્ધી ડોનાલ્ડ ટ્રમ્પે પ્રમુખ બાયડેન ઉપર આંચકાજનક આક્ષેપ કર્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે પ્રમુખ જો બાઈડેને 'સ્ટેટ ઓફ યુનિયન'ના ગયા મહિને કરેલા પ્રવચન સમયે તેમણે ડ્રગ લીધું હતું. આ સાથે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ સાથેની 'ડીબેટ' પૂર્વે તેઓનો 'ડ્રગ-ટેસ્ટ' કરવો અનિવાર્ય હોવો જોઈએ. એક કોન્ઝર્વેટિવ રેડીયો શો દરમિયાન તેઓએ હોસ્ટ હ્યુજ હેવીટને ગુરૂવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે 'કોઈ સફેદ પદાર્થ' વ્હાઈટ હાઉસમાં હતો તેમ જાણવા મળ્યું છે. તે કોકેઈન કે તેવું કશું હશે પરંતુ તે વિષે હું કશું કહી શકું તેમ નથી, પરંતુ મારૃં અનુમાન છે કે, ત્યાં કશું થઈ રહ્યું છે. મેં તે શો જોયો છે. તેમનું 'સ્ટેટ ઓફ યુનિયન એડ્રેસ' પણ ટીવી ઉપર જોયું છે. ત્યારે પહેલાં




તો તેઓ પૂરેપૂરા ટટારીમાં હતા, પરંતુ પછીથી ઝડપબંધ 'વિલાતા' ગયા કશુંક કંઈ થઈ રહ્યું છે તે ચોક્કસ છે.

ડોનાલ્ડ ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે હું તેમની સાથે 'ડીબેટ' કરવા માગું છું પરંતુ તેઓ સાથેની ડીબેટ્સ (વક્તવ્ય સ્પર્ધા) પહેલાં 'ડ્રગ ટેસ્ટ' થવો અનિવાર્ય છે. ડ્રગ ટેસ્ટ થાય તેમ હું ઈચ્છું છું.આ કંઈ પહેલીવાર નથી થયું કે જ્યારે ટ્રમ્પે આવા આંચકાજનક વિધાનો તેઓના પ્રતિસ્પર્ધીઓ માટે કર્યાં હોય.

# અમેરિકાએ 42 વર્ષ પહેલાં જ બનાવ્યું હતું ફ્યૂચર ફાઈટર જેટ

## 65.11 ફૂટ લાંબા એરક્રાફ્ટને એક પાયલટ ચલાવી શકે

■ વોશિંગ્ટન

42 વર્ષ પહેલા અમેરિકાએ ફાઈટર જેટ બનાવ્યું હતું જે એલિયનશિપ જેવું દેખાતું હતું. તેનું નામ F-117 Nighhawk છે. તે તેના સમયમાં ભવિષ્યનું વિમાન હતું. તે લોકહીડ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવ્યું હતું. કુલ 64 એરક્રાફ્ટ બનાવવામાં આવ્યા હતા. હવે તેનો ઉપયોગ તાલીમ માટે કરીએ. આ વિમાન સ્ટીલ્થ હુમલા માટે જાણીતું છે. આ 65.11 ફૂટ લાંબા એરક્રાફ્ટને માત્ર એક જ પાઈલટ દ્વારા ઉડાડવામાં આવે છે. તેની ઉંચાઈ 12.5 ફૂટ છે. ટેકઓફ સમયે તેનું વજન 23,814 કિલો છે. તેમાં બે જનરલ ઈલેક્ટ્રિક એન્જિન છે, જે તેને 1100 કિલોમીટર પ્રતિ કલાકની સબસોનિક સ્પીડ આપે છે. તે એક સમયે 1720 કિલોમીટર ઉડી શકે છે. તે મહત્તમ 45 હજાર ફૂટની ઊંચાઈ સુધી જઈ શકે છે. સામાન્ય રીતે તેમાં માત્ર બોમ્બ લગાવવામાં આવતા હતા. તેની પાસે બે આંતરિક હથિયાર ખાડીઓ છે. જેમાં લેસર ગાઈડેડ બોમ્બ અથવા ન્યુક્લિયર બોમ્બ લગાવી શકાય છે.

## 2008માં આ એરક્રાફ્ટને નિવૃત કરી દેવામાં આવ્યું



આ એરક્રાફ્ટની ડિઝાઈન તેને અલગ અને ખાસ બનાવે છે. આજે પણ જ્યારે જોવામાં આવે છે તો એવું લાગે છે કે તે ભવિષ્યનું વિમાન છે. અમેરિકાએ તેને 2008માં સક્રિય સેવામાંથી નિવૃત્ત કરી હતી. પરંતુ તાલીમ માટે ઉપયોગ કરો. હવે અમેરિકામાં જે ફાઈટર પાઈલટને F-35 સ્ટીલ્થ ફાઈટર જેટ ઉડાવવાનું હોય છે તેઓ પહેલા આ એરક્રાફ્ટ ઉડાવવાની ટ્રેનિંગ લે છે. આ પછી તે F-35 ઉડાવે છે. સંરક્ષણ વૈજ્ઞાનિકો હવે એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે ભવિષ્યના ફાઈટર જેટ બનાવવા માટે તેની ખાસ સ્ટીલ્થ ડિઝાઈનનો અભ્યાસ કરવામાં આવશે.

# ધો.10-12નું રિઝલ્ટ એપ્રિલના અંતમાં

## પેપર ચકાસણીની કામગીરી પૂરી થઇ

## ચૂંટણીના કારણે 20 દિવસમાં બોર્ડ પરીક્ષાનું પરિણામ જાહેર કરશે...

■ અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષા પૂર્ણ થઈ છે. ત્યારે પેપર ચકાસણીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવામાં આવી હતી. જે કામગીરી આજે પૂર્ણ થશે. પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં હવે પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાશે. એપ્રિલ અંત સુધીમાં તમામ પરિણામ જાહેર કરવામાં આવશે. મહત્ત્વનું છે કે લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ સામાન્ય કરતાં એક મહિના જેટલો સમય વહેલાં જાહેર કરવામાં આવશે. લોકસભાની ચૂંટણીના કારણે પરિણામ વહેલું જાહેર કરવામાં આવશે. શિક્ષકોને પરિણામની કામગીરીમાંથી મુક્ત થયા બાદ ચૂંટણીની કામગીરી સોંપવામાં આવશે. પરિણામ જાહેર થતાં 15 લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવશે.

### રાજ્યમાં પેપર ચકાસણીની કામગીરી પૂરી

11 માર્ચથી ગુજરાત બોર્ડની ધોરણ 10 અને 12ની પરીક્ષા શરૂ થઈ હતી. આ પરીક્ષા માર્ચ મહિનાના અંત સુધીમાં ચાલી હતી. પરીક્ષાની સાથે જ શિક્ષકોના મધ્યસ્થન મૂલ્યાંકન માટેના ઓર્ડર આવ્યા હતા. શિક્ષકોએ પેપર ચકાસવાની કામગીરી પણ પરીક્ષા સાથે જ શરૂ કરી હતી. પરીક્ષા પૂર્ણ થતાં પરીક્ષા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો પણ મૂલ્યાંકન કામગીરીમાં જોડાયા હતા. બુધવારે સમગ્ર રાજ્યભરમાં પેપર ચકાસણીની કામગીરી પૂરી થઈ છે. હવે બોર્ડ દ્વારા પરિણામ તૈયાર કરવામાં આવશે.

### આગળના અભ્યાસની પ્રક્રિયા ઝડપથી થશે

મહત્ત્વનું છે કે અત્યારસુધી ગુજરાત બોર્ડના પરિણામ મે મહિનાના અંતમાં અથવા જૂન મહિનાની શરૂઆતમાં જાહેર કરવામાં આવ્યાં હતાં, પરંતુ આ વર્ષે ચૂંટણીના કારણે પરિણામ એક મહિના જેટલો સમય વહેલાં જાહેર કરવામાં આવશે. તબક્કાવાર ધોરણ 10 અને 12ના પરિણામ જાહેર થશે.

**5 વર્ષમાં કયા ધોરણનું કયા મહિનામાં રિઝલ્ટ?**

| વર્ષ | ધોરણ | પરિણામની તારીખ |
|---|---|---|
| 2019 | ધોરણ-10 | 28 મે |
| | ધોરણ-12 | 31 મે |
| 2020 | ધોરણ-10 | 9 જૂન |
| | ધોરણ-12 સામાન્ય પ્રવાહ | 16 જૂન |
| 2021 | ધોરણ-10 | માસ પ્રમોશન, (30 જૂન) |
| | ધોરણ-12 | માસ પ્રમોશન |
| 2022 | ધોરણ-10 | સામાન્ય પ્રવાહ 4 જૂન |
| | ધોરણ-12 | 6 જૂન |
| 2023 | ધોરણ-10 | 25 મે |
| | ધોરણ-12 સાયન્સ | 2 મે |

**આ વર્ષે ચૂંટણી હોવાથી પરિણામ વહેલાં જાહેર કરવામાં આવશે** આ અંગે બોર્ડના અધિકારીના જણાવ્યા અનુસાર આ વર્ષે ચૂંટણી હોવાથી પરિણામ વહેલાં જાહેર કરવામાં આવશે. આજે પેપર ચકાસણીની કામગીરી પૂરી થતાં બોર્ડની કચેરી દ્વારા આગળની પ્રક્રિયા કરવામાં આવશે.



## NEWS FILE

### મુદ્દાઓ લોકો સુધી પહોંચાડવા કોંગ્રેસ વોર રૂમનું ઉદઘાટન



અમદાવાદઃ દેશભરમાં રાજકીય પાર્ટી દ્વારા લોકસભા ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે અમદાવાદમાં લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસે વોર રૂમનું ઉદઘાટન કર્યું છે. ગુજરાતના પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક અને શક્તિસિંહ ગોહિલે અમદાવાદ કોંગ્રેસ કાર્યાલયમાં વોર રૂમનું ઉદઘાટન કર્યું છે. વોર રૂમમાં મીડિયા રૂમ, સ્ટ્રેટેજી રૂમ સહિતના રૂમો તૈયાર કરાયા છે. કોંગ્રેસના પાંચ ન્યાયના મુદ્દાઓને લોકો સુધી લઈ જવામાં આવશે. વોર રૂમથી સોશિયલ મીડિયા પોસ્ટ, મતદાતાઓને ફોન થશે. આ તકે ગુજરાત આવેલા મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે જો દુર્ભાગ્યથી મોદી -ભારતીય જનતા પાર્ટી ફરી સત્તામાં આવશે.

### મહેસાણામાં આંબેડકર બ્રિજના 14 જોઈન્ટ એક્સપાન ખોલાયા

મહેસાણાઃ જર્જરિત થઈ ગયેલા મહેસાણાના આંબેડકર બ્રિજનું સમારકામ છેલ્લા બે મહિનાથી ચાલી રહ્યું છે ત્યારે માર્ગ અને મકાન વિભાગે જે જગ્યાએ ગાબડું પડ્યું હતું માત્ર તે જ નહીં પરંતુ બ્રિજ પરના તમામ જોઈન્ટ એક્સપાન ખોલી દીધા છે. હવે તેમાં લોખંડની ગ્રિલ ભરી નાખ્યા બાદ આગામી ત્રણ દિવસમાં કોન્ક્રિટની કામગીરી શરૂ કરાશે. માર્ગ અને મકાન વિભાગનું માનીએ તો આટલા સમય પછી પણ બ્રિજના રિપેરીંગની માત્ર 25% જ કામગીરી થઈ છે. વહીવટી તંત્ર દ્વારા છેલ્લા બે મહિનાથી પૂલ વાહન ચાલકો માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

# મહેસાણા: છેલ્લી ત્રણ ચૂંટણીમાં ભાજપનો વોટ શેર 12.70% વધ્યો

### કોંગ્રેસનો વોટશેર 10.30% જેટલો સતત ઘટી ગયો

■ મહેસાણા



મહેસાણાની લોકસભા બેઠકમાં છેલ્લી ત્રણ ચૂંટણીમાં મતદાનનો રેશિયો 18.30% વધ્યો છે. તેની સામે ભાજપના વોટશેરમાં 12.70%નો વધારો થયો છે, જ્યારે કોંગ્રેસના વોટશેરમાં 10.30% નો ઘટાડો થયો છે.2009ની લોકસભા મહેસાણા બેઠકની ચૂંટણીમાં 13.93 લાખ મતદારો પૈકી 6.92 લાખ મતદારોએ મતદાન કર્યું હતું. એટલે કે, 49.70% મતદાન થયું હતું. આ ચૂંટણીમાં ભાજપને 48.30% મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને 45.20% મત મળ્યા હતા. 3.20% ના માર્જીન સાથે ભાજપના જયશ્રીબેન પટેલ જીત્યા હતા.

આ ચૂંટણીમાં કોંગ્રેસ-ભાજપને બાદ કરતાં 10 ઉમેદવારો મેદાનમાં હતા. તેવી જ રીતે 2014 ની ચૂંટણીમાં 14.98 લાખ મતદારો પૈકી 10.04 લાખ મતદારોએ મતદાન કર્યું હતું. એટલે કે, મતદાનનો રેશિયો 67% રહ્યો હતો. આ ચૂંટણીમાં ભાજપને 57.80% મત મળ્યા હતા. જ્યારે કોંગ્રેસને 37% મત મળ્યા હતા. 20.80%ના માર્જીન સાથે ભાજપના જયશ્રીબેન સતત બીજી વખત સાંસદ બન્યા હતા.

# હવે ચાર વર્ષમાં ઈન્ટરનેશનલ લાઈસન્સ લેનારાની સંખ્યા વધી

### અમદાવાદમાં સૌથી વધુ 18,600 લાઈસન્સ ઈશ્યૂ

■ અમદાવાદ




કોરોના પછી વિદેશ જવાનો ટ્રેન્ડ વધ્યો છે. વિદેશમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીની સંખ્યામાં વધારો થયો છે. વિદેશમાં વાહન ચલાવવા માટે છેલ્લા 4 વર્ષમાં ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાઈસન્સ લેનારાની સંખ્યામાં 151 ટકાનો વધારો થયો છે. અમદાવાદમાં સૌથી વધુ 18,600 લાઈસન્સ ઈશ્યૂ થયા હતા. વાહન વ્યવહાર વિભાગે આપેલી માહિતી મુજબ વર્ષ 2020માં 5,999 ઈન્ટરનેશનલ લાઈસન્સ ઈશ્યૂ થયા હતા, જે 2023માં વધીને 43,357 થયા છે. તે ઉપરાંત 2021માં 12,325, 2022માં 29,809 ઈન્ટરનેશનલ લાઈસન્સ ઈશ્યૂ થયા હતા. ઈન્ટરનેશનલ ડ્રાઈવિંગ લાઈસન્સ આધારે તેઓ વિદેશમાં ટુ વ્હીલર કે ફોર વ્હીલર ચલાવી શકે છે. જીનીવા કન્વેન્શન ઓન રોડ ટ્રાફિક 1949માં જેટલા દેશો સામેલ છે. તેઓ ફરીથી ભારત આવીને લાઈસન્સ કઢાવવાનું હોય છે. જેમનું પ્લાનિંગ વિદેશમાં જ સેટલ થવાનું છે તો, તેમણે 1 વર્ષ સુધી જે-તે દેશનું લાઈસન્સ મેળવી લેવું જરૂરી છે.

### ગુજરાતમાં PM મોદી 4થી વધુ સભા,રાજકોટમાં રેલી કરશે



અમદાવાદઃ દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે. ગુજરાતમાં ભાજપે તમામ લોકસભા બેઠક પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. લોકસભામાં ભાજપનો ગઢ ગણાતું ગુજરાતમાં ફરી ભગવો લહેરાય એ માટે ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મેદાને ઊતરશે. ગુજરાતના ચારેય ઝોનમાં નરેન્દ્ર મોદી સભા કરશે એવું જાણવા મળ્યું છે. ગુજરાતમાં ચારથી વધુ સભા કરે એવી શક્યતા છે, જેમાં રૂપાલાનો વિરોધ શાંત કરવા પહેલી સભા રાજકોટમાં કરે એવી શક્યતા છે. સભાની સાથે રેલી, રોડ-શોનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# કોંગ્રેસના પૂર્વ નેતા રોહન ગુપ્તાના કેસરિયા « પિતાની માંદગીનું કારણ બતાવી કોંગ્રેસ છોડી હતી

■ અમદાવાદ

લોકસભા ચૂંટણી 2024ને લઈ કોંગ્રેસ દ્વારા 12 માર્ચના રોજ ગુજરાતમાં 7 ઉમેદવારની યાદી જાહેર કરાઈ હતી. તેમાંથી એક નામ રોહન ગુપ્તાનું પણ હતું. જો કે, રોહન ગુપ્તા અમદાવાદ પૂર્વ બેઠક પરથી ચૂંટણી લડવાના હતા, પરંતુ તેઓએ અંગત કારણોસર ચૂંટણીનો ઈનકાર કરી દીધો હતો. ત્યારે આ અંગે રોહન ગુપ્તાએ ટ્વીટ કરીને જાણકારી પણ આપી હતી. આ ઉપરાંત તેમના પિતાની પણ તબિયત નાદુરસ્ત હોવાના કારણે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું. રાજીનામા આપ્યાના 25 જ દિવસમાં આજે તેઓ ભાજપમાં જોડાયા છે.

**પૂર્વ બેઠક પરથી ઉમેદવારી પરત ખેંચી** અમદાવાદ પૂર્વના કોંગ્રેસ ઉમેદવારે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, મારા પિતાની અત્યંત ગંભીર સ્વાસ્થ્ય પરિસ્થિતિના કારણે હું અમદાવાદ પૂર્વ બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે મારું નામ પાછું ખેચું છું. વર્તમાન પરિસ્થિતિમાં નૈતિક રીતે આ જવાબદારી સ્વીકારવા અસમર્થ છું. પાર્ટી દ્વારા જે પણ ઉમેદાવારને પંસદ કરવામાં આવશે તેમને મારો સંપૂર્ણ સાથ સહકાર આપીશ.

### જહાંઝેબ સિરવાલ અને પરમપાલ કૌર પણ ભાજપમાં જોડાયાં



નિર્ણાયક લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે, પૂર્વ કોંગ્રેસમેન રાહુલ ગુપ્તા 11 એપ્રિલ, ગુરુવારે દિલ્હીમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીની હાજરીમાં રોહન ગુપ્તાની સાથે જહાંઝૈબ સિરવાલ અને પરમપાલ કૌર પણ ભાજપમાં જોડાયાં છે. કોંગ્રેસના ભૂતપૂર્વ આઈટી સેલના વડા રોહન ગુપ્તાએ પાર્ટીના સાથીદારો દ્વારા અપમાન અને પાત્ર હત્યાનો આરોપ લગાવીને પાર્ટી છોડી દીધી હતી. ગુપ્તા, જેમને કોંગ્રેસ દ્વારા અમદાવાદ પૂર્વ બેઠક પરથી લોકસભાની ટિકિટ આપવામાં આવી હતી, તેમના પિતાની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ રેસમાંથી ખસી ગયા હતા. જો કે, રોહન ગુપ્તા દ્વારા ચૂંટણી લડવાનો ઈનકાર કર્યાના થોડા સમય બાદ જ અમદાવાદ પૂર્વ બેઠક પરથી કોંગ્રેસ પ્રવક્તા અમિત નાયકે સોશિયલ મીડિયા મારફતે ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી હતી.

# પોરબંદરમાં રાદડિયાએ ભાજપનો વિજયરથ રોક્યો હતો, લલિત વસોયા કમાલ કરશે?

## પહેલી ચૂંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ રમણિક ધામી હાર્યા હતા, પાટીદાર, મેર, ખારવા સમાજના મતો નિર્ણાયક

■ ગાંધીનગર

પોરબંદર લોકસભા બેઠક એટલે ભાજપનો ગઢ કહી શકાય, કારણ કે 1991થી 2019 સુધીની 8 ટર્મમાં ફક્ત એક જ વાર કોંગ્રેસ આ બેઠક પર જીતી છે અને એ પણ વિઠ્ઠલ રાદડિયાના ચહેરાના કારણે. 2009માં વિઠ્ઠલ રાદડિયા કોંગ્રેસની ટિકિટ પરથી લડ્યા અને 39,503 મતની લીડથી જીત મેળવી હતી. મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદર 80-90ના દાયકામાં ગેંગવોર માટે બદનામ થઈ હતી. પોરબંદરના કડછ ગામે મેર પરિવારમાં જન્મેલા અને ખેતમજૂરમાંથી માથાભારે શખ્સ બનેલા સરમણ મુંજાની ગેંગ આખા પોરબંદરને ધ્રુજાવતી. સરમણ મુંજા ઉપરાંત ઈકુ ગગન શિયાળ, નારણ સુધાની ગેંગનો પણ તરખાટ હતો. મેર અને ખારવા ગેંગ વચ્ચે અથડામણ થતી. ગેંગવોરમાં સરમણ મુંજાની હત્યા થયા બાદ તેમનાં પત્ની સંતોકબેન જાડેજાએ પરિવાર અને સરમણની ગેંગને સંભાળ્યાં. સંતોકબેને રાજકારણમાં એન્ટ્રી કરી અને ધારાસભ્ય પણ બન્યાં. તેમના જીવન પરથી બોલિવૂડ ફિલ્મ ગોડમધર બની હતી. સંતોકબેનના પુત્ર કાંધલ જાડેજા હાલમાં કુતિયાણા બેઠક પરથી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય છે.

## શરૂઆતમાં કોંગ્રેસ અને પછી ભાજપનો દબદબો

વર્ષ 1977થી પોરબંદર બેઠક અસ્તિત્વમાં આવી. અત્યારે પોરબંદર લોકસભા બેઠકમાં જે વિધાનસભાઓ આવે છે એ આ પહેલાં રાજકોટ અને જૂનાગઢ લોકસભા બેઠકમાં વહેંચાયેલી હતી. 1977માં જ્યારે પોરબંદર બેઠક પર ચૂંટણી યોજાઈ ત્યારે ભારતીય લોકદળના ધરમશી પટેલ કોંગ્રેસના ઉમેદવાર રમણિકલાલ ધામીને 24,429 મતે હરાવીને જીત્યા હતા. જ્યારે 1980માં કોંગ્રેસ (આઈ)ના માલદે ઓડેદરા જનતા પાર્ટીના ઉમેદવાર ધરમશી પટેલને 60,308 મતની લીડથી હરાવીને સાંસદ બન્યા હતા. વર્ષ 1984ની ચૂંટણીમાં કોંગ્રેસના ભરત ઓડેદરાએ ભાજપના ઉમેદવાર આર.કે. અમીનને 77,951 મતની લીડથી હરાવીને જીત મેળવી હતી. 1980 અને 1984માં કોંગ્રેસના દબદબા બાદ અહીં જનતા દળ અને ભાજપનું વર્ચસ્વ રહ્યું. ફક્ત 2009માં કોંગ્રેસના વિઠ્ઠલ રાદડિયાની જીત થઈ હતી.





**સૌથી ઓછા માર્જિનથી હાર** 2004માં ભાજપના હરિભાઈ પટેલ સામે કોંગ્રેસના ઉમેદવાર વિઠ્ઠલ રાદડિયાની 5,703 મતથી હાર થઈ હતી, પોરબંદર લોકસભા બેઠકના ઈતિહાસમાં અત્યારસુધીની સૌથી ઓછા માર્જિનથી થયેલી હાર છે.

## ભાજપના આયાતી સામે કોંગ્રેસના હારેલા ઉમેદવાર

આ વખતે ભાજપે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાને ટિકિટ આપી છે. કોંગ્રેસે 2019માં હારેલા ઉમેદવાર લલિત વસોયાને ફરીથી મેદાને ઉતાર્યા છે. મનસુખ માંડવિયાનું વતન પાલિતાણા છે, જે ભાવનગર જિલ્લામાં આવે છે, પોરબંદર તેમનું વતન નથી એટલે પોરબંદર બેઠક માટે મનસુખ માંડવિયા આયાતી ઉમેદવાર કહી શકાય. મનસુખ માંડવિયા 2002માં પાલિતાણા વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા હતા.

# રાજકોટમાં ચૂંટણીમાં ST ડિવિઝનની 94 બસ ફાળવાશે

## 6-7 મે 2000 બસો મૂકવાથી મુસાફરો પરેશાન



■ રાજકોટ

રાજકોટ સહિત રાજ્યમાં લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ત્યારે જિલ્લા તંત્ર અને રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીને લગતી તમામ તૈયારીઓ પુરજોશમાં કરવામાં આવી રહી છે. રાજકોટ સહિત ગુજરાતમાં તા.7મેના રોજ મતદાન થવાનું છે. ત્યારે દર વખતની જેમ આ વખતે પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણીમાં ફરજ બજાવનાર સ્ટાફની બુથ ઉપર અવરજવર માટે એસટીની બસો માંગવામાં આવી છે. જેમાં રાજકોટ એસટી ડિવિઝનની 94 સહિત રાજ્યની 2,000 જેટલી બસો ફાળવવામાં આવશે.

ગુજરાતમાં આગામી તા.6 અને 7ના રોજ ચૂંટણીમાં ફરજ બજાવનાર સ્ટાફને બુથ સુધી મુકવા અને ત્યાંથી લેવા માટે બે હજાર જેટલી એસટી બસો રોકી લેવામાં આવનાર છે. આ બસો મારફતે ચૂંટણી ફરજનો સ્ટાફ બુથ સુધી જશે અને ત્યાંથી પરત આવશે. રાજકોટ એસટીના વિભાગીય નિયામક જે. બી. કલોતરાએ જણાવ્યુ હતું કે, રાજકોટ જિલ્લા કલેક્ટર તંત્રએ આગામી તા.6 અને 7ના રોજ ચૂંટણી ફરજના કર્મચારીઓની અવર જવર માટે એસટી તંત્ર પાસે 94 બસો ફાળવવાની માંગણી મુકી છે. જેથી 2 દિવસ એસટી બસોની ફ્રિક્વન્સી ઓછી થશે.

# બોધરાએ ક્ષત્રિય આંદોલનમાં પોતાની ભૂમિકા નકારી

## મારા સહિત ભાજપના તમામ કાર્યકરો નિર્દોષ

■ રાજકોટ

રાજકોટ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીને લઈને ક્ષત્રિય સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આ મામલે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાની સંડોવણી હોવાની ચર્ચાઓ ઉઠી હતી. જેને લઈને આજે ભરત બોઘરાએ સ્પષ્ટતા કરી હતી. જેમાં તેમણે જણાવ્યું કે, મારા સહિત ભાજપના તમામ કાર્યકરો નિર્દોષ છે. અને સૌકોઈ પોતાને સોંપેલી જવાબદારી મુજબ કામ કરી રહ્યા છે. જ્યાં સુધી મારી વાત છે ત્યાં સુધી મારી કોઈ ભૂમિકા સાબિત થશે તો જાહેર જીવન છોડી દઈશ. આ વાત ભાજપની પ્રગતિ જોઈ ન શકતા વિઘ્નસંતોષીઓ દ્વારા ફેલાવવામાં આવી છે. હકીકતમાં આવી કોઈ જ વાતમાં તથ્ય નથી.

ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ભાજપના દરેક આગેવાન- કાર્યકર્તાઓ પુરુષોત્તમ રૂપાલા



સાહેબને જીતાડવા પ્રયત્ન કરી રહ્યા છે. મને અને રાજકોટ શહેરના કોઈ કાર્યકર્તાને પ્રદેશ દ્વારા કોઈ ખુલાસો પૂછવામાં આવ્યો નથી. વિરોધપક્ષના લોકો અને હિતશત્રુઓ ખોટી રીતે નામ ઉછાળી રહ્યા છે. મને કોઈ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યો નથી. અમારા એકપણ કાર્યકર્તાએ પાર્ટીને નુકસાન થાય તેવું કામ કર્યું નથી. મારી કોઈ વાત સાબિત થાય તો હું જાહેર જીવન છોડી દેવા તૈયાર છું.

## NEWS FILE

### સુરતમાં સિનિયર શિક્ષકો સાથે અન્યાય, લાગવગિયાઓને લાભ




સુરતઃ સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં વર્ષોથી બાકી ઉચ્ચતર પગાર ધોરણની કામગીરી માટે શિક્ષકોની સર્વિસ બુકની કામગીરીમાં ગોટાળા થયા હોવાની વ્યાપક ફરિયાદ બહાર આવી છે. સિનિયર શિક્ષકોની સર્વિસ બુકની કામગીરી બાકી છે, પરંતુ લાગવગિયા જુનિયર શિક્ષકોની બુકની કામગીરી પૂરી થઈ હોવાની ફરિયાદ બહાર આવી છે. સિનિયોરીટીનું લિસ્ટ જાહેર કરવા માટે પણ માગણી થઈ રહી છે. શિક્ષણ સમિતિના નવા અધ્યક્ષ અને શાસનાધિકારી દ્વારા એસ.બી.ની કામગીરી 100 ટકા પૂરી થાય તેવી જાહેરાત કરી હતી. તેમ છતાં હજુ સુધી શિક્ષકોને અન્યાય થઈ રહ્યો હોવાની ફરિયાદ વધી રહી છે.

### આંધ્ર-કર્ણાટકમાંથી લીંબુનો સપ્લાય ઘટી, ભાવમાં 20થી 50% ઉછળ્યા

સુરતઃ આંધ્રપ્રદેશ-કર્ણાટકમાં કમોસમી વરસાદને પગલે શહેરની એપીએમસીમાં લીંબુની આવક ઘટી જતાં હાલમાં ભાવ 100 રૂપિયાથી વધીને 150 રૂપિયા સુધી થઈ ગયા છે. માર્કેટમાં લીંબુના ભાવ ક્વોલિટી મુજબ પ્રતિ મણ 1400થી 2300 સુધી બોલાયા હતા. ઉનાળામાં લીંબુની ડિમાન્ડ વધતાં ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. શહેરના સૌથી જૂના ભાગળ અને નવસારી બજારમાં ભાવ 120, સૈયદપુરા અને કોટ્સફિલ-ગોલવાડ પાસે ભરાતા બજારમાં રૂ. 120 તેમજ અડાજણ સંસ્કાર ભારતી શાળા પાસેના બજારમાં 130થી 140 સુધીના ભાવ ક્વોલિટી મુજબ જોવા મળ્યા હતા.

### ઘોઘા-પીપાવાવ-મુંબઈ જળમાર્ગે ફેરી સર્વિસ શરૂ થશે




ભાવનગરઃ સડક, રેલ અને હવાઈ માર્ગ પરિવહનનું ભારણ ઘટાડવા અને ભારતને મળેલા 7500 કિ.મી. લાંબા દરિયાકાંઠાનો જળ પરિવહનમાં ઉપયોગ કરવા માટે વ્યાપક સર્વે ચાલી રહ્યા છે. ઘોઘા-હજીરા રો-પેક્સ ફેરી સર્વિસ હાલ ભારતનો સૌથી મોટો જળ પરિવહન પ્રોજેક્ટ છે, અને તેની સફળતાથી પ્રેરાઈને તેમજ સૌરાષ્ટ્રના જળમાર્ગે વધુ વિકાસ કરવા માટે તંત્ર દ્વારા પિપાવાવ-મુંબઈ વચ્ચે રો-પેક્સ ફેરી સેવાનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. ઘોઘા અને મુંબઈ ખાતે ટર્મિનલ સહિતની સગવડતા ઉપલબ્ધ છે, દેશના દરિયાકાંઠાના વિસ્તારો માટે 45 ફેરી સર્વિસ શરૂ કરવાની દિશામાં પ્રથમ તબક્કાની સર્વેની કામગીરી શરૂ થઈ હતી.

# વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો

« પ્રાથમિક શિક્ષણ બાદ શાળાઓ છોડી દે છે ગુજરાતના 66% વિદ્યાર્થીઓ...

## પ્રાથમિક શિક્ષણમાં 85 લાખથી વધુ વધુ વિદ્યાર્થીઓ નોંધાયા

■ ભાવનગર

ભાવનગર સહિત સમગ્ર ગુજરાતમાં પ્રાથમિકમાંથી માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક તેમજ ઉચ્ચ. માધ્યમિકમાંથી કોલેજ કક્ષાએ પહોંચતા સુધીમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થતો જાય છે. સમગ્ર રાજ્યનું ચિત્ર જોઈએ તો પ્રાથમિક શાળાઓમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 85.77 લાખ છે તે માધ્યમિક કક્ષાએ આવતા ઘટીને 28.15 લાખ થઈ જાય છે. એટલે કે પ્રાથમિક શિક્ષણ લઈને ગુજરાતના 67.14 ટકા વિદ્યાર્થીઓ માધ્યમિક શાળાઓનું પગથિયુ ચડતા નથી. માત્ર 32.86 ટકા વિદ્યાર્થીઓ ધો.9માં પ્રવેશ મેળવે છે. જ્યારે કોલેજ કક્ષાએ તો સંખ્યા 17.91 લાખની છે. એટલે કે હવે જૂન માસમાં જ્યારે વર્ષ 2024-25ના નવા શૈક્ષણિક વર્ષમાં ગુજરાત રાજયમાં માન્યુ કે પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ છોડી જવાનો દર જે ઈ.સ.1996-97ના વર્ષમાં 49.49 ટકા હતો તે નોંધપાત્ર પ્રમાણમાં ઘટીને ઈ.સ.2021-22ના વર્ષમાં માત્ર 1.23 ટકા થઈ ગયો છે.

## શિક્ષણનું કથળતું સ્તર મોટી સમસ્યા, શિક્ષણ છોડી દેવા માટેના જવાબદાર કારણો



ગુજરાતની સામાજિક-આર્થિક સમીક્ષા 2023-24માં જણાવાયું છે કે ધો.1થી ધો.8 એટલે કે પ્રાથમિક શાળાઓમાં રાજ્યમાં કુલ વિદ્યાર્થીઓ 85.77 લાખ છે તેની તુલનામાં માધ્યમિક શાળાઓમાં માત્ર 28.15 લાખ જ વિદ્યાર્થીઓ ભણવા પહોંચે છે. એટલે કે રાજ્યમાં ધો.9માં આવે તે સાથે 57.62 લાખ વિદ્યાર્થીઓ શાળાને બાયબાય કહી દે છે. આ સ્થિતિ ગંભીર ગણાય અને આથી જ ધો.9માં પ્રવેશ માટે અસરકારક પ્રવેશોત્સવ જરૂરી છે. ભાવનગર જિલ્લામાં જ ધો.9થી 12માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 1,11,990 છે પણ કોલેજ કક્ષાએ આ સંખ્યા પૂરી 9 ટકા પણ ન રહેતા માત્ર 9,160 થઈ જાય છે. આજે પણ ખાસ કરીને તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ એવી પરંપરા છે કે દીકરીઓને બહુ ભણાવતા નથી અને લગ્ન કરાવી દે છે. આથી પ્રાથમિકમાં અક્ષરજ્ઞાન મેળવી લે એટલે ઘરકામમાં દીકરીઓને જોતરવામાં આવે છે.

# મનુષ્ય બળવાન હોતો નથી પરંતુ સમય હંમેશા બળવાન હોય છે



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - 28**

રુખીબહેનને અકસ્માત થયા પછી એમને છોડીને ચાલ્યા જવું સ્વાર્થીપણું ના કહેવાય?

મનુષ્ય બળવાન નથી હોતો, એનો સમય બળવાન હોય છે. ભલભલાના છક્કા છુડાવનાર અર્જુન તો એ જ હતો, પરંતુ ત્યારે એનો સમય બળવાન નહોતો એટલે એક સામાન્ય લૂંટારો પણ એને લૂંટી ગયો, એના એજ ધનુષ્ય ને એજ શક્તિશાળી બાણ હોવા છતાંયે.

તુલસી જેટલી વાર ઘરમાંથી નીકળી જવાનો સંકલ્પ કરતી, ત્યારે કંઈક એવું બનતું કે એણે પોતાનો નિર્ણય મુલતવી રાખવો પડે.

શુભાના ગયા પછી એણે વિચારેલું કે, મહિનો થઈ જાય એટલે એ આ ઘરમાંથી ચાલી જશે. પરંતુ એ પહેલા તો લક્ષ્મીપ્રસાદ નું મોત થયું.

પછી વિચારેલું કે એમને મહિનો થશે પછી એ ચાલી જશે ત્યાં મરનાર બાળકી શુભા નહીં હોવાનું ખુલ્યું, કદાચ મરનાર અખિલ પણ નહોતો એવી થોડીક શંકાસ્પદ બાબતો સામે આવી.

તુલસીએ વિચાર્યું કે, શુભાને શોધવા માટે રૂપિયા જોઈશે. જો એ આઘરમાંથી ચાલી જાય તો એ શક્ય નહોતું.

લક્ષ્મીપ્રસાદે ભલે એને બધી જ મિલકત આપી દીધી હોય. પોતાને એ મિલકત જોઈતી જ નહોતી. પરંતુ શુભાને શોધવા માટે જોઈએ એટલા રૂપિયા જ એ રુખીબહેન પાસે માંગતી.

છાપામાં જાહેરાત આપવા માટે, પોલીસના ખબરીઓને આપવા માટે.

એ આ ઘરમાં રહે તો જ એ બધું શક્ય હતું, ને એ અહીં રહી ગઈ.

જેમ-જેમ સમય જતો હતો ને શુભાને મળવાની આશા ઘટતી જતી હતી. એને ફરીવાર વિચાર્યું કે, એ આ બધું જ છોડીને ચાલી જાય.

ત્યાં રુખીબહેનને અકસ્માત થયો, ઘુંટણ આગળથી બંને પગ કાપવા પડ્યાં. હવે આ હાલતમાં એમને છોડીને, ઘર છોડીને ચાલી જવું ઠીક કહેવાય? એ સ્વાર્થીપણું ના કહેવાય?

તુલસી કેટલીયે વાર શંભુને કરગરી પડતી કે આખરે તું કરવા શું ઈચ્છે છે! મારી જિંદગીમાં ઉતાર-ચઢાવ પુરા થવાનો કંઈક તો સમય નક્કી કર્યો હશેને તે?

તુલસીને જ્યારે કોઈ જ દિશા ના સૂઝી ત્યારે એને પોતાની માની વાત યાદ આવી કે, જ્યારે પણ આપણને રસ્તો ના દેખાય ત્યારે, એક-એક ડગલું મૂકતા જવું. એક ડગલું ભરવાનું તો દેખાશે જ. ત્યાં પહોંચશો એટલે બીજુ ડગલું ભરી શકાય એટલો રસ્તો દેખાશે.

આમ એક પછી એક ડગલાંભરતા તમે રસ્તો પાર કરી શકશો.

અત્યારે એનું મન, હૃદય એને આ ઘરને, રુખીબહેનને છોડીને જવા માટે ના કહેતા હતા, ને એ રહી ગઈ.

સામા બારણે રહેનાર શાન્તા માસી એક વાર એને મળવા આવ્યા ને કહ્યું 'બેટા, હું દર સાલ દિવાળીએ ગિરનારની પરિક્મ્મા કરવા જાવ છું. ન્યાં મા આનંદમયી મળે છે. આ ભવનું, પરભવનું ઈ હંધુયે જોઈ હકે છે. તારી શુભાની કંઈ ગતિ થઈ ઈ તને કેશે. આ બધી વાતોમાં તને જો બહુ શ્રદ્ધા ના બેસે તોય એમને મળીને તને કાંઈક તો રસ્તો સૂઝશે જ. તારા સામે આખી જિંદગી પયડી છે. મા તને કંઈક માર્ગદર્શન આપશે ને કાંય નહીં તો છેલ્લે એમને મળીને, એમની વાતુ સાંભળીને તને મનમાં શાંતિ તો ચોક્કસ જ થાશે. આવવું હોય તો તૈયાર થઈ જા.'



ડૂબતો તરણું જાલે એમ તુલસી મા આનંદમયીને મળવા જવા તૈયાર થઈ ગઈ.

'આ અગિયારસ થી ગિરનારની પરિક્રમા ચાલુ થાય છે. મારા મનની શાંતિ માટે ને શુભાના કલ્યાણ માટે હું જવાનું વિચારી રહી છું. તમારું બધું થોડું દિવસ ઝમકુ કરી દેશે તો ચાલશે?'

રુખીબહેને ટી.વી. સામેથી નજર ખસેડીને તુલસીની સામે જોયું ને તરત જ બોલ્યા 'હા-હા જઈ આવ બેટા! મારા વતીયે પ્રાર્થના કરજે ભગવાનને. હવે તો એનો જ સહારો છે. શાન્તાબેન જાય છે. એમની હાય રે જાજે ને જે જોઈ ઈ લેતી જાજે. રૂપિયા હારે રાખજે ને ઝાઝા જોતા હોય તો બેંકમાંથી ઉપાડી આવજે.'

તુલસી તો આ બધું આભી બનીને સાંભળી રહી. શું આ દરેક શબ્દ એના માટે હતા?

પોતાના કાન પર વિશ્વાસ ના થયો, એ ટગર-ટગર કશું જ બોલ્યા વગર રુખીબહેનની સામે જોઈ રહી. એને ગળે ડૂમો ભરાઈ આવ્યો ને આંખોના આંસુને એણે માંડ-માંડ ખાળ્યા.

લાગ્યું કે હવે વધારે વખત અહીં ઊભી રહીશ તો પોક મૂકીને રોવાઈ જશે, એટલે માથું નમાવીને માત્ર હા પાડી અને ઉતાવળે પોતાના રૂમમાં ભરાઈ ગઈ.

ગળે ભરાયેલો ડુમો તુલસીના શ્વાસને રૂંધી રહ્યો હતો. એ ખુરશીમાં ફસડાઈ પડી. એને લાગ્યું કે, એના હૃદયને કોઈ જાણે કે મુઠ્ઠીમાં લઈને ભિંસે છે. સારું જ થાય જો પોતાનું હૃદય બંધ પડી જાય તો.

બધી જ વિટંબણાઓનો અહીં જ અંત આવી જાય. પછી તો દેખવુયે નહીં ને દાઝવુંયે નહીં. એ પણ પછી એની મા ની પાસે પહોંચી જાશે ને આકાશમાં એક ચમકતો તારો બની જાશે.

તુલસીને મન થયું કે એ પોક મૂકીને રડે. માથા પછાડીનેરડે, પોતાનો ડૂમો ઓગળી જાય એટલું રડે. નથી સહેવાતો આ ભાર છાતીમાં, મૂંઝારો થાય છે. મા ઓ મા નથી સહેવાતું હવે, મને તારી પાસે બોલાવી લેને માં.....

આંસુનું પણ કેવું અજબ શાસ્ત્ર છે! જ્યારે કોઈ બેરુખી દેખાડે તો આંસુ ગાયબ થઈ જાય છે ને જો કોઈ જરાક અમથી લાગણી બતાવે તો ત્યાં તો એ અંધાધુંધ વહેવા લાગે છે!

એકમાત્ર રુખીબહેનના બેટા શબ્દે તુલસીને અંદરથી એટલી બધી પલાળી દીધી હતી કે, એની આંખમાંથી ચૂપચાપ આંસુ વહેવા લાગ્યા. બંધ આંખે તુલસી નિઃશબ્દ રુદન કરી રહી.

શુભાના અપહરણ પછી એ એટલું બધું રડેલી કે આંસુ જ ખલાસ થઈ ગયા હોય એમ એને રડવું જ નહોતું આવતું, એક પથ્થર જેવી બની ગઈ હતી. **ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વૉટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ (અ, લ, ઈ)

કોઈ ખાસ કામ માટે પ્રયાસ કરી રહ્યા છો તો તમને એનાથી સંબંધિત યોગ્ય સફળતા મળવાની છે. અન્ય ઘણી પ્રવૃત્તિઓમાં પણ તમારી હાજરી રહેશે. કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું અને લોકો શું કહે છે તેની પરવા ન કરવાથી તમને ફાયદો થશે.તમારી ઈચ્છા પૂરી કરવા માટે મહેનત કરવી પડશે. નકામી પ્રવૃત્તિઓમાં તમારો સમય બગાડો નહીં.

### વૃષભ (બ.વ.ઉ)

અનુભવી અને ખાસ લોકોની સંગતમાં રહેવાથી તમને ઘણા અનુભવો થશે અને તમારી વિચારવાની શૈલી પણ નવી હશે. આજે તમે જે ધ્યેય માટે લાંબા સમયથી મહેનત કરી રહ્યા છો એનું યોગ્ય પરિણામ મળશે તો તમે આનંદ અનુભવશો.સાવધાન રહો, અચાનક કોઈ પરેશાની આવી શકે છે. તમારા કામમાં વિક્ષેપ પાડવા માટે સક્રિય રહેશે.

### મિથુન (ક.છ.ઘ)

તમે તમારી ચતુરાઈથી કોઈપણ સમસ્યાનો ઉકેલ મેળવી શકશો. જે કામ લાંબા સમયથી અટવાયેલા હતા તે આજે થોડી મહેનતે પૂર્ણ થવાની સંભાવના છે. કોઈ સંબંધી તરફથી સારા સમાચાર મળવાથી તમે પ્રસન્ન થશો. પડોશીઓ સાથે મુશ્કેલીમાં પડવાને બદલે શાંતિથી ઉકેલ શોધો. બેદરકારીને કારણે થોડું નુકસાન થઈ શકે છે.

### કર્ક (ડ.હ)

તમે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી કોઈપણ દ્વિધા અને બેચેનીથી મુક્ત રહેશો. કોઈ અસંભવ કાર્ય અચાનક સિદ્ધ થવાથી મનમાં ઘણી ખુશી અને ઉત્સાહ રહેશે. તમે તમારી અંદર ભરપૂર ઉર્જાનો અનુભવ કરશો. કોઈપણ ધાર્મિક યાત્રા પણ શક્ય છે. આજે એક વાતનું ખાસ ધ્યાન રાખો, કારણ કે છેતરપિંડી થવાની સંભાવના છે.

### સિંહ (મ.ટ)

ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. કોઈ સારા સમાચાર મળવાથી તમારામાં આત્મવિશ્વાસ અને નવી ઉર્જા આવશે. પરિવારના વરિષ્ઠ સભ્યોની સલાહ પણ અવશ્ય અનુસરો. મિત્ર કે સંબંધી સાથે ચાલી રહેલી કોઈપણ ગેરસમજ દૂર થશે અને સંબંધોમાં મધુરતા આવશે. આજે તણાવ અને થાકને કારણે કાર્યક્ષમતા પ્રભાવિત થશે.

### કન્યા (પ.ઠ.ણ)

ગ્રહોની સ્થિતિમાં સકારાત્મક પરિવર્તન આવશે. જો કે આજે કેટલાક લોકો તમારા કામમાં દખલ કરી શકે છે, પરંતુ તેની પરવા કર્યા વિના તમે તમારા કામમાં વ્યસ્ત રહેશો. તમને ચોક્કસ સફળતા મળશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. કેટલીક જૂની નેગેટિવ બાબતોના વર્ચસ્વને કારણે તમારું મનોબળ ઘટી જાય છે.

### તુલા (ર.ત)

સંજોગો અનુકૂળ છે. કેટલીક સમસ્યાઓનો સામનો કરવા છતાં તમે તમારી સકારાત્મક અને સંતુલિત વિચારસરણીથી આગળ વધશો. આ સમયે ભાવનાઓને બદલે વ્યવહારુ અભિગમ તમારી પ્રગતિમાં મદદરૂપ થશે. વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. કોઈપણ પ્રકારના વ્યવહારને મુલતવી રાખવાની સલાહ આપવામાં આવે છે.

### વૃશ્ચિક (ન.ય)

જો ઘરના નવીનીકરણને લઈને કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો તેના પર વિચાર કરવાનો આજનો સમય શ્રેષ્ઠ છે. પરંતુ વાસ્તુ સંબંધિત નિયમોનું પાલન કરો. જો લેણ-દેણ સંબંધિત કોઈ સમસ્યા ચાલી રહી હોય તો આજે તેનો ઉકેલ મળવાની સંભાવના છે. ગુસ્સા અને ચીડિયાપણુંના કારણે સ્વાસ્થ્ય પર અસર થશે.

### ધન (ભ.ફ.ધ.ઢ)

યુવાનોને કરિયર સંબંધિત કોઈ સારા સમાચાર મળવાથી રાહત અનુભવાશે. પરંતુ કોઈપણ મહત્ત્વપૂર્ણ કાર્ય કરતાં પહેલાં તમારા પરિવારના સભ્યોની સલાહ ચોક્કસ લો. પોતાનો વિકાસ કરવા માટે થોડું સ્વાર્થી હોવું પણ જરૂરી છે. સમયનું યોગ્ય નિયંત્રણ કરો. નજીકના સંબંધીની સમસ્યાઓના ઉકેલમાં તમારું કાર્ય અધૂરું રહી શકે છે.

### મકર (ખ.જ)

ધાર્મિક વ્યક્તિના સંગતમાં રહેવાથી તમારી વિચારધારામાં સકારાત્મક પરિવર્તન આવશે. મહિલાઓ માટે દિવસ ખૂબ જ ફળદાયી છે. તેમનામાં દરેક પરિસ્થિતિનો સામનો કરવાની હિંમત હશે. વધુપડતી વ્યસ્તતાને કારણે તમારા પોતાના કામમાં અવરોધો આવી શકે છે. પડોશીઓ સાથે કોઈપણ પ્રકારના વિવાદથી પોતાને દૂર રાખો.

### કુંભ (ગ.સ.શ.ષ)

તમારી દિનચર્યામાં કંઈક નવું લાવવા માટે સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં તમારી રુચિ વધશે અને તમારા વ્યક્તિત્વને સુધારવાના પ્રયાસો પણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને યુવાનોએ બિનજરૂરી ભટકવામાં અને મિત્રો સાથે સમય વિતાવવામાં પોતાનો સમય ન બગાડવો જોઈએ. ધંધાકીય કાર્ય વ્યવસ્થામાં યોગ્ય વ્યવસ્થા જાળવવામાં આવશે.

### મીન (દ.ચ.ઝ.થ)

તમારા દરેક કાર્યને વ્યવહારિક રીતે પૂર્ણ કરવાનો પ્રયાસ કરો, કારણ કે ભાવનાત્મક નિર્ણયો ખોટા પણ હોઈ શકે છે. તમને કેટલાક ફાયદાકારક સમાચાર મળશે અને તમને નવી સંભાવનાઓ મળશે. તમારી ક્ષમતાઓમાં વિશ્વાસ રાખો. સ્થળાંતર સંબંધિત યોજનાઓ પર પણ વિચાર કરવામાં આવશે. ભાવનાઓમાં આવીને કોઈ મહત્ત્વપૂર્ણ નિર્ણય ન લો.

# ...તબુ, કરીના, કૃતિની ક્રૂ ફિલ્મની સિકવલ આવશે

## ફિલ્મ સર્જક રિયા કપૂરે સમર્થન આપ્યું...

▪ ક્રૂનું નિર્માણ ચાલતું હતું ત્યારે જ સિક્વલ બનાવવાનું પણ નક્કી થયું



મુંબઈ : તબુ, કરીના કપૂર અને કૃતિ સેનનની 'ક્રૂ' ફિલ્મને ટિકિટબારી પર પ્રમાણમાં સારો પ્રતિસાદ સાંપડયો છે. હવે આ ફિલ્મની સિકવલ બનાવવાની પણ જાહેરાત થઈ છે. ફિલ્મની એક સર્જક રિયા કપૂરે જ કન્ફર્મ કર્યું હતું કે અમે આ ફિલ્મની સિકવલ બનાવવાના છીએ. વાસ્તવમાં 'ક્રૂ'નું શૂટિંગ ચાલતું હતું ત્યારે જ આ ફિલ્મની સિકવલ બનાવવાનું નક્કી થઈ ગયું હતું. રિયાએ જણાવ્યા અનુસાર મને સિકવલ બનાવવાની બહુ ફાવટ નથી પરંતુ એકતા કપૂર આ ફિલ્મની સહ નિર્માત્રી છે અને તેને સિકવલ બનાવવામાં મજા આવે છે. ફિલ્મના લેખકો સાથે ચર્ચા બાદ સિકવલની તૈયારી શરુ કરી દેવામાં આવી છે. મૂળ ફિલ્મમાં અંતમાં જ એવો સંકેત અપાયો છે કે ફિલ્મની વાર્તા હજુ આગળ વધી શકે છે.

# 'કલ્કિ 2898 એડી'ની રિલીઝ તારીખ ફરી લંબાશે

## ફિલ્મસર્જક ફિલ્મમાં થોડા બદલાવ કરવા પણ માગે છે...

▪ મુંબઇ

સાઉથની કલ્કિ ૨૮૯૮ એડીનો છેલ્લા ચાર વરસથી દર્શકો રાહ જોઇ રહ્યા છે.આ ફિલ્મને જાન્યુઆરી ૨૦૨૪માં રિલીઝ કરવાની હતી, પરંતુ સંજોગોવશાત એમ થઇ શક્યું નહીં. આ પછી ૯ મે, ૨૦૨૪ની નવી તારીખ આવી હતી. પરંતુ જણાય છે કે, આ દિવસે પણ ફિલ્મ રિલીઝ નહીં થઇ શકે. કહેવાય છે કે, લોક સભા ચૂંટણીના કારણે ફિલ્મની રિલીઝ તારીખ પોસ્ટપોન કરવામાં આવી છે. આ ઉપરાંત ફિલ્મસર્જક ફિલ્મમાં થોડા બદલાવ કરવા પણ માગે છે. તેથી હવે આ ફિલ્મ ૩૧ મેના રોજ રિલીઝ કરવાની યોજના થઇ રહી છે. જોકે ફિલ્મસર્જકે હજી સુધી ઘોષણા કરી નથી. આ ફિલ્મની ઘોષણા ૨૦૨૦ના ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવી હતી. પરંતુ કોરોના મહામારી અને લોકડાઉનના કારણે આ ફિલ્મ લંબાઇ ગઇ.




# રાજકુમાર-વામિકા રોમેન્ટિક કોમેડીમાં જોડી જમાવશે

▪ બે નિવડેલા કલાકારો એકસાથે સ્ક્રીન પર દેખાશે

▪ મુંબઇ





રાજકુમાર રાવ અને ઓટીટીના સંખ્યાબંધ પ્રોજેક્ટસ દ્વારા ટોચની ઓટીટી સ્ટાર બની ચુકેલી વામિકા ગબ્બી હવે એક રોમાન્ટિક કોમેડીમાં સાથે દેખાવાનાં છે. દિનેશ વિજન આ ફિલ્મ બનાવી રહ્યા છે 'મહારાણી' સીરીજના દિગ્દર્શક કરણ શર્માને જ આ ફિલ્મનું સુકાન સોંપાયાનું જાણવા મળે છે. આ ફિલ્મ નાનકડાં શહેરમાં રહેતાં એક કપલ પર આધારિત હશે. રાજ કુમાર રાવ એક ઉમદા અભિનેતા ગણાય છે. બીજી તરફ વામિકા ગબ્બી 'જ્યુબિલી' અને 'ગ્રહણ' સહિતની સીરીઝના કારણે ઓટીટીના દર્શકોની માનીતી હિરોઈન બની ચુકી છે. આ બંને નિવડેલા કલાકારોની જોડી મોટા પડદે એકસાથે દેખાઈ રહ્યા હોવાથી તેમના ચાહકો રાજી થયા છે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી કરાયું નથી. ફિલ્મ આગામી મહિનાઓમાં ફ્લોર પર જઈ શકે છે.

# અનન્યા પાંડે - આદિત્ય રોય કપૂર વચ્ચે બ્રેક અપની ચર્ચા

▪ તમારા માટે હશે તે ફરી તમારી પાસે આવશે એ મતલબની પોસ્ટ

▪ નમસ્કાર ગુજરાત



મુંબઇ : અનન્યાં પાડે અનેઆદિત્ય રોય કપૂર છેલ્લા દોઢ વરસથી ડેટિંગ કરતા હોવાની ચર્ચા હતી. જોકે તેમણે કદી પોતાના સંબંધને જાહેરમાં સ્વીકાર્યો નથી. પરંતુ અનન્યા અને આદિત્ય રોય કપૂર વારંવાર સાથે જાહેરમાં જોવા મળતા હતા.પરંતુ હવે તેમના વચ્ચે બ્રેક અપ થઈ ગયું હોવાની અફવા અનન્યાની એક ગૂઢ પોસ્ટના કારણે ફેલાઈ છે. તેના કારણે બંનેના ચાહકો ચિંતિત બન્યા છે અને તેઓ પ્રાર્થના કરી રહ્યા છે કે આ ચર્ચા માત્ર અફવા જ સાબિત થાય. અનન્યાએ પોતાની પોસ્ટમાં લખ્યું છે કે જે તમારા માટે હશે તે ફરી તમારી પાસે આવશે જ. આ બધી વાતો માત્ર તમને એક પાઠ ભણાવવા માટે છે. તમે નહીં સ્વીકારીને પણ એને દૂર ધકેલી દો. જભલે તમે એમ માની લીધું હોય કે એ તમારા માટે છે, કારણ કે તમારી માટે જ એનું સર્જન થયું છે.

## NEWS FILE

### આલિયા ભટ્ટની સ્પાય ફિલ્મમાં અનિલ કપૂર મેન્ટર બનશે





મુંબઈ : યશરાજ ફિલ્મસના રો યુનિવર્સમાં અનિલ કપૂરની પણ એન્ટ્રી થઈ છે. આલિયા ભટ્ટ અને શર્વરી વાઘને લેડી એજન્ટ તરીકે દર્શાવતી આગામી ફિલ્મમાં અનિલ કપૂર તેમના મેન્ટરની ભૂમિકામાં દેખાશે. અનિલ કપૂરને ભારતીય જાસૂસી એજન્સીના વડા તરીકેની ભૂમિકા સોંપાઈ છે. આ ફિલ્મમાં બોબી દેઓલ વિલનની ભૂમિકામાં હોવાનું અગાઉ જાહેર થઈ ચૂક્યું છે. યશરાજ દ્વારા પહેલીવાર લેડી એજન્ટસને કેન્દ્રમાં રાખીને એક્શન ફિલ્મ બનાવાઈ રહી છે. અનિલે યશરાજ સાથે એકથી વધુ ફિલ્મો માટે કરાર કર્યા છે. હજુ તાજેતરમાં જ અનિલ કપૂર અને હૃતિક રોશન 'ફાઈટર' ફિલ્મમાં પણ સાથે દેખાયા હતા. અનિલ કપૂરની દીકરી સોનમ પરણીને ઠરીઠામ થઈ ચૂકી છે.

### ફિલ્મની રીલિઝ ટાણે જ ટાઈગર અને દિશાના પેચ અપની અફવા



મુંબઈ : બોલીવૂડમાં કોઈ કલાકારની ફિલ્મ રીલિઝ થવાની હોય તે પહેલાં તેનાં અફેરની ચર્ચાઓ ફેલાવવાની બહુ જૂની અને વાસી પ્રચાર ફોર્મ્યૂલા છે. જોકે, ટાઈગર શ્રોફની 'બડે મિયાં છોટે મિયાં' ફિલ્મની રીલિઝ પહેલાં તેની અને દિશા પટાણી વચ્ચે પેચ અપ થઈ ગયું હોવાની વાત ફેલાવાઈ રહી છે. ટાઈગરને આ ફિલ્મના પ્રમોશનના ભાગ રુપે થતી ઈવેન્ટસમાં જાણી જોઈને દિશાના ઉલ્લેખ સાથે સવાલો કરાય છે. તાજેતરમાં આવા એક સંવાદ વખતે ટાઈગરે કહ્યું હતું કે મારું ધ્યાન અત્યારે એક જ દિશા પર છે અને તે મારું કામ છે. આ પહેલાં અક્ષય કુમારે પણ ટાઈગરને ચોક્કસ દિશા પર ફોક્સ કરવા જણાવ્યું હતું. ટાઈગર અને અક્ષય વચ્ચે છ વર્ષ સુધી ડેટિંગ ચાલ્યું હતું.

### અલગ થયાના બે વર્ષ બાદ ધનુષ-ઐશ્વર્યાએ ડાઈવોર્સ પિટિશન કરી



18 વર્ષનાં લગ્ન જીવન બાદ વિસંવાદ સર્જાયો

મુંબઈ : સાઉથના સ્ટાર ધનુષ તથા તેની પત્ની અને મેગા સ્ટાર રજનીકાંતની દીકરી ઐશ્વર્યાએ આખરે ડાઈવોર્સ પિટિશન ફાઈલ કરી દીધી છે. બંને ૧૮ વર્ષનાં લગ્નજીવન બાદ બે વર્ષ પહેલાં છૂટાં પડી ગયાં હતાં. ચેન્નઈની એક ફેમિલી કોર્ટમાં બંનેએ ઔપચારિક ડાઈવોર્સ પિટિશન ફાઈલ કરી હોવાનું કહેવાય છે. તેમણે સેક્શન ૧૩ બી પ્રમાણે પરસ્પર સંમતિથી છૂટાછેડા લેવા માગતાં હોવાનું આ અરજીમાં જણાવ્યું છે. જાન્યુઆરી ૨૦૨૨માં ધનુષે સામે ચાલીને જાહેરાત કરી હતી કે તે અને ઐશ્વર્યા અલગ થઈ રહ્યાં છે. જોકે, તેણે ત્યારે સ્પષ્ટતા પણ કરી હતી કે પોતાના સંતાનોનો સહ ઉછેર કરવાનું તેઓ જારી રાખશે. ઐશ્વર્યા અને ધનુષનાં લગ્ન ૨૦૦૪માં થયાં હતાં.

## વિરાટ કોહલીને પછાડી...

# શુભમન ગિલ બન્યો અવ્વલ




## IPLમાં ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો

■ નવી દિલ્હી

ગુજરાત ટાઈટન્સના કેપ્ટન શુભમન ગિલે 10 એપ્રિલના રોજ IPLના ઈતિહાસમાં એક નવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગિલ IPLમાં 3,000 રન સુધી પહોંચનાર સૌથી ઓછી ઉંમરનો ખેલાડી બની ગયો છે. આમ ઈન્ડિયન પ્રીમિયર લીગની રેકોર્ડ બુકમાં શુભમન ગિલે પોતાના નામની એન્ટ્રી કરી લીધી છે. બીજી તરફ આ રોમાંચક મેચમાં ગુજરાતે છેલ્લા બોલ પર 3 વિકેટથી જીત મેળવી છે. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને 196/3 સ્કોર કર્યો હતો. આ મેચમાં શુભમન ગિલે 24 વર્ષ અને 215 દિવસની ઉંમરમાં 3,000 IPL રન બનાવવાની મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ગિલે RCBના બેટ્સમેન વિરાટ કોહલીના રેકોર્ડને પછાડી દીધો છે. વિરાટ કોહલીએ 26 વર્ષ અને 186 દિવસમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ઓછી ઉંમરમાં 3,000 રન પૂરા કરવા મામલે સંજૂ સેમસન (26 વર્ષ અને 320 દિવસ) ત્રીજા સ્થાન પર છે. ત્યારબાદ સુરેશ રેના (27 વર્ષ અને 161 દિવસ) અને રોહિત શર્મા (27 વર્ષ અને 343 દિવસ)નો નંબર છે.



### સૌથી ઓછી ઉંમરમાં 3000 IPL રન

24 વર્ષ 215 - શુભમન ગિલ
26 વર્ષ 186 દિવસ - વિરાટ કોહલી
26 વર્ષ 320 દિવસ - સંજુ સેમસન
27 વર્ષ 161 દિવસ - સુરેશ રેના
27 વર્ષ 343 દિવસ - રોહિત શર્મા

### IPLમાં 3,000 રન માટે સૌથી ઓછી ઈનિંગ્સ...

75 - ક્રિસ ગેલ
80 - કેએલ રાહુલ
85 - જોસ બટલર
94 - શુભમન ગિલ
94 - ડેવિડ વોર્નર
94 - ફાફ ડુપ્લેસિસ



# ઈસ્ટ ઓર વેસ્ટ જાડેજા ઈઝ ધ બેસ્ટ

### ...IPLમાં ઓલરાઉન્ડર દેખાવ કરીને બનાવ્યો જબરદસ્ત રેકોર્ડ



■ ચેન્નઈ

IPL 2024ની 22મી મેચમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે ચેન્નઈના ચેપોક સ્ટેડિયમમાં ટક્કર થઇ હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા કોલકાતા નાઈટ રાઈડર્સ 20 ઓવરમાં માત્ર 137 રન જ બનાવી શકી હતી. CSKના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાની બોલિંગે KKRને 137ના સ્કોર પર રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જવાબમાં CSKએ 17.4 ઓવરમાં 3 વિકેટના નુકસાને ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. આ મેચમાં જાડેજાએ 3 વિકેટ ઝડપી હતી. આ દરમિયાન જાડેજા એ IPLનો એક મહારેકોર્ડ પોતાના નામે કર્યો હતો. IPLના ઈતિહાસમાં રવિન્દ્ર જાડેજા એકમાત્ર એવો ખેલાડી છે જેણે 1000થી વધુ રન બનાવ્યા છે, 100થી વધુ વિકેટ લીધી છે અને 100 કેચ પણ લીધા છે. જાડેજાએ ચેન્નઈ સુપર કિંગ્સ, કોચ્ચિ ટસ્કર્સ કેરળ અને રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા આ સિદ્ધિ મેળવી છે. તે IPLમાં 2776 રન, 156 વિકેટ અને 100 કેચ લેવામાં સફળ રહ્યો છે.

# યોકોવિચે ભારતના સ્ટાર બોપન્નાની પ્રશંસા કરી

### પોસ્ટમાં લખ્યું- ઉંમર માત્ર એક નંબર છે, બન્ને લેજન્ડ્સ ATP રેન્કિંગમાં સૌથી વયસ્ક નંબર-1 ખેલાડી

■ નવી દિલ્હી



ટેનિસ ઈતિહાસમાં પ્રથમ વખત, સૌથી વૃદ્ધ ખેલાડીઓએ મળીને સિંગલ્સ અને ડબલ્સમાં પુરુષોની ટેનિસ રેન્કિંગમાં ટોચ પર સ્થાન મેળવ્યું. નોવાક યોકોવિચ રવિવારે (7 એપ્રિલ) સત્તાવાર રીતે 36 વર્ષ અને 321 દિવસની ઉંમરે ATP મેન્સ સિંગલ્સ રેન્કિંગમાં વિશ્વનો સૌથી વૃદ્ધ નંબર 1 બન્યો. તે જ સમયે, ભારતનો રોહન બોપન્ના આ વર્ષે જાન્યુઆરીમાં 43 વર્ષ અને 331 દિવસની ઉંમરે સૌથી વૃદ્ધ ટોચનો ક્રમાંકિત ડબલ્સ ખેલાડી બન્યો હતો. હાલમાં બંને સિંગલ અને ડબલ્સ રેન્કિંગમાં ટોપ પર છે. આ અંગે નોવાક યોકોવિચે બુધવારે રોહન બોપન્નાના વખાણ કરતા એક ટ્વિટ કર્યું, જેમાં તેણે લખ્યું- ઉંમર માત્ર એક નંબર છે જે અમારા માટે 'નંબર-1' છે.

ATP ટૂરે તાજેતરમાં બંને ખેલાડીઓને વાતચીત માટે આમંત્રણ આપ્યું હતું. આમાં નોવાક યોકોવિચે ભારતીય ટેનિસ સ્ટાર રોહન બોપન્નાની પ્રશંસા કરી અને કહ્યું કે કેવી રીતે બંને ખેલાડીઓ "સંયુક્ત રીતે 80 વર્ષના" છે.

# 2027નો વર્લ્ડ કપ દ. આફ્રિકામાં 8 સ્થળોએ રમાશે, પહેલીવાર નામીબિયામાં ટુર્નામેન્ટ

### CSA CEOએ કહ્યું- સ્થળ સમજી વિચારીને પસંદ કરવામાં આવ્યું

■ દુબઈ

દક્ષિણ આફ્રિકાએ ICC વર્લ્ડ કપ 2027 માટે તેના આઠ સ્થળોની જાહેરાત કરી છે. ત્રણ દેશો દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા 2027માં ODI વર્લ્ડ કપની યજમાની કરશે. આ ટુર્નામેન્ટ ઓક્ટોબર અને નવેમ્બરમાં રમાશે. દક્ષિણ આફ્રિકામાં સ્થાનો હોસ્ટ કરવા માટે આઠ સ્ટેડિયમની પુષ્ટિ કરવામાં આવી છે. તેમાં જોહાનિસબર્ગમાં વાન્ડરર્સ, પ્રિટોરિયામાં સેન્ચ્યુરિયન પાર્ક, ડરબનમાં કિંગ્સમીડ, ગેકેબરહામાં સેન્ટ જ્યોર્જ પાર્ક, પાર્લમાં બોલેન્ડ પાર્ક અને કેપ ટાઉનમાં ન્યુલેન્ડ્સ મુખ્ય સ્થળનો સમાવેશ થશે.જ્યારે બ્લોમફોન્ટીનમાં મંગાઉંગ ઓવલ અને પૂર્વ લંડનના બફેલો પાર્કમાં પણ વર્લ્ડ કપ ઈવેન્ટ્સ યોજાશે. દક્ષિણ આફ્રિકા -ઝિમ્બાબ્વે બીજી વખત ODI વર્લ્ડ કપની યજમાની કરશે.

ક્રિકેટ સાઉથ આફ્રિકા (CSA)ના CEO ફોલેત્સી મોસેકીએ કહ્યું કે સ્થળની સાથે તેઓએ હોટલના રૂમ અને એરપોર્ટની ઉપલબ્ધતાને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. દક્ષિણ આફ્રિકાની મીડિયા સંસ્થા ન્યૂઝ 24 સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, મેદાનની પસંદગીની પ્રક્રિયા વિચારપૂર્વક કરવામાં આવી છે. આમાં હોટલના રૂમની સંખ્યા અને એરપોર્ટની ઉપલબ્ધતા પણ સામેલ છે.

### નામિબિયાને પ્રથમ વખત તક મળી

ઈતિહાસમાં આ બીજી વખત બનશે જ્યારે દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે ICC ODI વર્લ્ડ કપની યજમાની કરશે. આ પહેલા બંને દેશોએ 2003માં વર્લ્ડ કપનું આયોજન પણ કર્યું હતું. જો કે, આ પ્રથમ વખત બનશે જ્યારે નામિબિયાને ટુર્નામેન્ટની યજમાની કરવાની તક આપવામાં આવી છે.

**2027 ODI વર્લ્ડ કપ માટે ટીમ કેવી રીતે ક્વોલિફાય થશે?** ICCએ 2027માં દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેમાં યોજાનાર વર્લ્ડ કપ માટેની ક્વોલિફિકેશન અંગે સ્પષ્ટતા કરી છે. આ વર્લ્ડ કપમાં 14 ટીમ ભાગ લેશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે સીધા યજમાન દેશો તરીકે ક્વોલિફાય થશે. જ્યારે તે સમયે ODI વર્લ્ડ રેન્કિંગના આધારે 8 ટીમ ક્વોલિફાય થશે. જ્યારે ICCની ગ્લોબલ ક્વોલિફાયર ટુર્નામેન્ટ હેઠળ 4 ટીમની પસંદગી કરવામાં આવશે.

# ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણી માટે પાકિસ્તાની ટીમની જાહેરાત...

### મોહમ્મદ આમિર- ઈમાદ વસીમનું કમબેક, બાબર આઝમને ફરી એકવાર કેપ્ટનશિપ સોંપવામાં આવી

■ ઈસ્લામાબાદ

ન્યૂઝીલેન્ડ સામેની પાંચ મેચની T20 શ્રેણી માટે પાકિસ્તાન ક્રિકેટ ટીમની જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ મંગળવારે 17 સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. ફાસ્ટ બોલર મોહમ્મદ આમિર અને ઓલરાઉન્ડર ઈમાદ વસીમે કમબેક કર્યું છે. ટીમની આગેવાની બાબર આઝમને સોંપવામાં આવી છે. ન્યૂઝીલેન્ડની ટીમ પાંચ મેચની T20 શ્રેણી માટે પાકિસ્તાનના પ્રવાસે જશે. શ્રેણીની પ્રથમ મેચ 18 એપ્રિલે રાવલપિંડીમાં રમાશે.

**ન્યૂઝીલેન્ડ સામેની પાકિસ્તાનની ટીમ**

બાબર આઝમ (કેપ્ટન), અબરાર અહેમદ, આઝમ ખાન, ફખર ઝમાન, ઈફ્તિખાર અહેમદ, ઈમાદ વસીમ, મોહમ્મદ અબ્બાસ આફ્રિદી, મોહમ્મદ રિઝવાન, મોહમ્મદ આમિર, મોહમ્મદ ઈરફાન નિયાઝી, નસીમ શાહ, સૈમ અયુબ, શાદાબ ખાન, શાહીન શાહ આફ્રિદી, ઉસામા મીર, ઉસ્માન ખાન અને જમાન ખાન.

### બાબરને ફરીથી ODI અને T20નો કેપ્ટન બનાવવામાં આવ્યો



થોડા દિવસો પહેલા પાકિસ્તાન બોર્ડે બાબર આઝમને ફરીથી ODI અને T20ના કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા હતા. ODI વર્લ્ડ કપ 2023માં ખરાબ પ્રદર્શન બાદ બાબરે ત્રણેય ફોર્મેટની કેપ્ટનશિપ છોડી દીધી હતી. આ પછી શાન મસૂદને ટેસ્ટનો કેપ્ટન અને શાહીન આફ્રિદીને T20 ફોર્મેટનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો.

**આમિર અને ઈમાદ નિવૃત્તિમાંથી પરત ફર્યા** પાકિસ્તાનના ડાબા હાથના મીડિયમ ફાસ્ટ ઝડપી બોલર મોહમ્મદ આમિર અને સ્પિન-ઓલરાઉન્ડર ઈમાદ વસીમ ગયા મહિને નિવૃત્તિમાંથી પરત ફર્યા છે. આમિરે 2019માં ટેસ્ટ ક્રિકેટમાંથી અને ડિસેમ્બર 2020માં વ્હાઈટ બોલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી.

# ...અંતે ભારત સામે માલદીવ ઘૂંટણિયે

## માલદીવમાં ભારતીય ટૂરિસ્ટ માર્કેટ ધડામ

### હવે પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતના શહેરોમાં રોડ શો કરશે

■ માલે



ભારત અને મુઈઝ્ઝુ સરકાર વચ્ચે વિવાદ ચાલુ છે. આ દરમિયાન માલદીવ ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતનાં ઘણાં શહેરોમાં રોડ શોનું આયોજન કરશે. કયા શહેરમાં અને ક્યારે રોડ શો યોજાશે તેની માહિતી આપવામાં આવી નથી. માલદીવ એસોસિયેશન ઓફ ટૂર એન્ડ ટ્રાવેલ ઓપરેટર્સ (MATATO) એ ગુરુવારે રાત્રે ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે મુલાકાત કરી બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા અંગે ચર્ચા કરી. હકીકતમાં, જાન્યુઆરીથી માલદીવની મુલાકાતે આવતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેનું કારણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણી છે.

પીએમ મોદીએ 3 જાન્યુઆરીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. સુંદરતા સાથે જોડાયેલી તસવીરો શેર કરતા તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક સૌંદર્ય ઉપરાંત લક્ષદ્વીપની શાંતિ પણ મનમોહક છે. આ પછી લક્ષદ્વીપ અને માલદીવ વચ્ચે સરખામણી થવા લાગી. તેના પર માલદીવના કેટલાક મંત્રીઓએ પીએમ મોદી અને ભારત વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી.

**7 જાન્યુઆરી પછી ભારત અને માલદીવ વચ્ચે તણાવ વધ્યો** 7 જાન્યુઆરીના રોજ હેશટેગ બોયકોટ માલદીવ ભારતમાં ટ્રેન્ડ થયો. પીએમ મોદીએ તેમના લક્ષદ્વીપ પ્રવાસનો વીડિયો શેર કર્યો હતો. આમાં લક્ષદ્વીપ હવે સુંદરતાના મામલે માલદીવને ટક્કર આપતો જોવા મળી રહ્યો છે. આના કારણે માલદીવના મંત્રીઓ અને નેતાઓ નારાજ દેખાયા. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટમાં પીએમ મોદી માટે વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

**માલદીવમાં કયા દેશના કેટલાં પ્રવાસીઓ**

| દેશ | પ્રવાસી |
|---|---|
| ચીન | 71,995 |
| બ્રિટન | 66,999 |
| રશિયા | 66,803 |
| ઈટલી | 61,379 |
| જર્મની | 52,256 |
| ભારત | 37,417 |

### માલદીવ ભારત સાથે સહયોગ કરવા માગે છે

MATATO અને ભારતીય હાઈ કમિશનર વચ્ચેની બેઠક બાદ જાહેર કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ભારતીય પ્રવાસીઓને માલદીવ મોકલવા માટે મુખ્ય ભારતનાં શહેરોમાં રોડ શો શરૂ કરવા અને આગામી મહિનાઓમાં ઈન્ફ્લૂએન્સર્સને માલદીવ મોકલવા સાથે જોડાયેલી યોજના પર કામ ચાલી રહ્યું છે." નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું કે, ભારત માલદીવ માટે એક મહત્ત્વપૂર્ણ ટૂરિસ્ટ માર્કેટ બની ગયું છે. MATATOના જણાવ્યા પ્રમાણે માલદીવને એક મુખ્ય ટ્રાવેલ ડેસ્ટિનેશન તરીકે પ્રોત્સાહન આપવા માટે ભારતના મુખ્ય ટ્રાવેલ એસોસિયેશન અને આ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકો સાથે પાર્ટનરશિપ કરવા માટે તત્પર છે.

### MATATOએ કહ્યું હતું- ભારતીયો અમારા માટે ભાઈ-બહેન જેવા

9 જાન્યુઆરીના રોજ MATATOએ કહ્યું હતું કે, "ભારતીય લોકો અમારા માટે ભાઈ-બહેન જેવા છે. ભારત અને માલદીવ વચ્ચે ગાઢ મિત્રતા છે. અમારા સંબંધો રાજકારણથી પર છે. પર્યટન એ માલદીવના લોકોના જીવનનો આધાર છે. આ સેક્ટર અમારી GDPમાં બે-તૃતીયાંશથી વધારેનું યોગદાન આપે છે. આ સેક્ટરમાં માલદીવના લગભગ 44 હજાર લોકો કામ કરે છે. તેમની આજીવિકા ટૂરિઝમ પર જ આધારિત છે. આ વિવાદના કારણે થતું નુકસાન દેશની અર્થવ્યવસ્થા પર ખરાબ અસર કરે છે. પ્રવાસીઓના કારણે માલદીવમાં ગેસ્ટ હાઉસ અને અન્ય સુવિધાઓ આપનાર મીડિયમ સ્કેલ બિઝનેસ આગળ વધી શકે છે. અમે વાતચીત અને એકબીજાની મદદ કરવાની ભાવનામાં વિશ્વાસ રાખીએ છીએ.

### ભારત-માલદીવના સંબંધોમાં તણાવનું બીજું કારણ...

*15 નવેમ્બર 2023ના રોજ માલદીવના નવા રાષ્ટ્રપતિ, મોહમ્મદ મુઈઝ્ઝુ, જેઓ ચીનના સમર્થક હોવાનું કહેવાય છે, તેમણે શપથ લીધા. ત્યારથી ભારત અને માલદીવ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. 3 કારણો છે-*

- પ્રથમ: મોહમ્મદ મુઈઝ્ઝુએ તેમના ચૂંટણી પ્રચારમાં ઈન્ડિયા આઉટનો નારો આપ્યો હતો.
- બીજું: સત્તામાં આવ્યા પછી મુઈઝ્ઝુએ માલદીવમાં હાજર ભારતીય સૈનિકોને પાછા ખેંચવાનો આદેશ આપ્યો.
- ત્રીજું: ભારત સાથે હાઈડ્રોગ્રાફિક સર્વે કરાર સમાપ્ત કરવાની જાહેરાત કરી.

## NEWS FILE

### ભારતની પાકિસ્તાનને ઓફર, આતંકવાદને ખતમ કરીશું



નવી દિલ્હી: રક્ષા મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને મદદની ઓફર કરી છે. ન્યૂઝ એજન્સી ANIને આપેલા ઈન્ટરવ્યુમાં રાજનાથે કહ્યું કે પાકિસ્તાને પોતાની ધરતી પરથી આતંકવાદને ખતમ કરવો જોઈએ. જો તેને લાગે છે કે તે આ કામ કરવા સક્ષમ નથી તો ભારત પાડોશી હોવાના કારણે તેની મદદ કરી શકે છે. આ માટે પાકિસ્તાને નિર્ણય લેવો પડશે.સંરક્ષણ મંત્રીએ એમ પણ કહ્યું કે જો પાકિસ્તાન આતંકવાદનો ઉપયોગ કરીને ભારતને અસ્થિર કરવાનો પ્રયાસ કરશે તો તેને પરિણામ ભોગવવા પડશે. અમે કોઈપણ કિંમતે સરહદ પારના આતંકવાદને સહન નહીં કરીએ.

### QS રેન્કિંગમાં જેએનયુ વિશ્વસ્તરે 20મા, ભારતમાં પહેલા ક્રમે

નવી દિલ્હી: ક્યુએસ યુનિવર્સિટી 2024 રેન્કિંગમાં 69 ભારતીય સંસ્થાઓએ સ્થાન મેળવવામાં સફળતા હાંસલ કરી છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) વિકાસ અભ્યાસની શ્રેણીમાં વિશ્વ સ્તર પર 20મા સ્થાને છે. દેશમાં તે પ્રથમ સ્થાને છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) અમદાવાદ બિઝનેસ અને એડમિનિસ્ટ્રેશનના અભ્યાસમાં વિશ્વની ટોચની 25 સંસ્થાઓમાં સામેલ થઈ છે. જ્યારે આઈઆઈએમ બેંગલુરુ અને આઈઆઈએમ કોલકાતા ટોપ 50 સંસ્થાઓમાં સામેલ થઈ છે. આ રેન્કિંગમાં રેકોર્ડ 1559 સંસ્થાઓ સામેલ છે.

### 30 લાખ નોકરી, મહિલાઓને 50% અનામત: રાહુલ ગાંધી



અનુપગઢ: કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ 11 એપ્રિલે રાજસ્થાનના અનુપગઢ અને ફલોદીમાં ચૂંટણી રેલીઓને સંબોધી હતી. તેમણે કહ્યું કે અમારી સરકાર આવશે તો અમે યુવાનોને 30 લાખ સરકારી નોકરી આપીશું. સરકારી નોકરીઓમાં મહિલાઓને 50% અનામત આપવામાં આવશે. અમે આંગણવાડીમાં કામ કરતી આશા વર્કરોની આવક બમણી કરીશું. સરકાર અને PSUમાં કોન્ટ્રાક્ટ સિસ્ટમ બંધ થશે. લોકોને કાયમી નોકરી આપવામાં આવશે. રાહુલે કહ્યું કે ભારતની 200 સૌથી મોટી કંપનીઓના માલિકો અને વરિષ્ઠ મેનેજમેન્ટમાં પછાત વર્ગના લોકોનો સમાવેશ થતો નથી.

# USમાં 85% કેન્સરની દવાઓને વહેલી તકે મંજૂરી

### અસરકારકતા અંગે 5 વર્ષ પછી પડે છે ખબર

■ વૉશિંગ્ટન

અમેરિકામાં આશાજનક દવાઓના ઉપયોગ માટે જલદી મંજૂરી આપવા માટે એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન) દ્વારા ખાસ પ્રોગ્રામ ચલાવાઈ રહ્યો છે. આ પ્રોગ્રામ HIVના રોગીઓ સુધી દવા પહોંચાડવા માટે 1992માં શરૂ કરાયો હતો. આજના સમયમાં આ પ્રોગ્રામ હેઠળ 85% મંજૂરી કેન્સરની દવાઓને આપવામાં આવે છે. એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું કે સ્વીકૃત કરાયેલી કેન્સરની મોટા ભાગની દવાઓનો ફાયદો પાંચ વર્ષના ઉપયોગ પછી ખબર પડે છે. પેસિન્લ્વેનિયા યુનિવર્સિટીના કેન્સર નિષ્ણાત અને બાયોએથિસિસ્ટ ઈજેકીલ ઈમાનુએલનું કહેવું છે કે હજારો લોકોને આ દવાઓ અપાઈ રહી છે. 2013 અને 2017 વચ્ચે આ પ્રોગ્રામ હેઠળ કેન્સરની 46 દવાઓને ઉપયોગ માટે જલદી મંજૂરી અપાઈ.



# UKના ફેમિલી વિઝા લેવાનું વિચારતાં લોકોને ઝટકો!

### « આટલા પાઉન્ડ હોવું જોઈએ લઘુતમ વેતન

■ લંડન

બ્રિટને ગુરુવારે ફેમિલી વિઝા પર પરિવાર અથવા સંબંધીઓને દેશમાં લાવવા ઈચ્છતા નાગરિકો માટે જરૂરી લઘુતમ આવકમાં વધારો કર્યો છે. સરકારના નિર્ણયથી ભારતીયોને પણ ફાયદો થશે.

સરકારે પગારમાં 55 ટકાનો વધારો કર્યો છે, એટલે કે જો કોઈ વ્યક્તિને ફેમિલી વિઝા પર યુકે લાવવાની તૈયારી કરી રહ્યું છે, તો તેના માટે લઘુત્તમ વાર્ષિક પગાર £18,600 (રૂ. 19.40 લાખ)થી વધારીને £29,000 (રૂ. 30.25 લાખ) કરવામાં આવ્યો છે. જો કે અધિકારીઓ દ્વારા એમ પણ કહેવામાં આવ્યું છે કે આવતા વર્ષની




શરૂઆતમાં મર્યાદા વધારીને £38,700 કરવામાં આવશે. જો કે આ પગલું કાયદાકીય સ્થળાંતર ઘટાડવા માટે લેવામાં આવ્યું છે.

### સરકાર માઈગ્રેશનની સંખ્યા ઘટાડવા કરી રહી છે પ્રયાસો

બ્રિટિશ સરકાર માઈગ્રેશનની સંખ્યા ઘટાડવા માટે ઘણા પ્રયત્નો કરી રહી છે. આ કારણોસર, સરકારે આ વર્ષની શરૂઆતથી વિઝા નિયમોને પણ કડક બનાવ્યા છે. બ્રિટનના ગૃહ મંત્રાલયે કહ્યું કે, આ નિર્ણય વડાપ્રધાન ઋષિ સુનક અને ગૃહ સચિવ જેમ્સ ક્લેવરલી દ્વારા કાયદાકીય સ્થળાંતર ઘટાડવા અને અહીં આવતા લોકોના કારણે કરદાતાઓ પર જે ટેક્સનો બોજો પડે છે તે દૂર કરવા માટે લેવામાં આવ્યો છે.

**આ નિયમ પર વિપક્ષે કરી હતી ટીકા** ઋષિ સુનકે જણાવ્યું હતું કે જ્યારે ડિસેમ્બર 2023માં હાઉસ ઓફ કોમન્સમાં આ નવો નિયમ પહેલીવાર રજૂ કરવામાં આવ્યો હતો ત્યારે વિપક્ષ દ્વારા તેની ટીકા કરવામાં આવી હતી. તેથી સરકારે અગાઉની જેમ £38,700 ના તાત્કાલિક વધારાને બદલે પગાર મર્યાદામાં વધારો કરવાનું પસંદ કર્યું. આથી બે તબક્કામાં પગારની મર્યાદામાં વધારો કરવામાં આવશે.

**ઉચ્ચ પગાર મર્યાદા નક્કી કરવા પાછળ કારણ શું?** સ્કીલ્ડ વર્કર વિઝા પર આવતા લોકો માટે જરૂરી લઘુત્તમ વેતન વધારીને £38,700 કરવું એ સરકારની પ્રાથમિકતાઓમાંની એક હતી. વધુમાં તેનો ઉદ્દેશ્ય સ્થળાંતર કરનારાઓને યુકેના કામદારો કરતાં ઓછો પગાર મળતો અટકાવવાનો છે.